CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ ડિસેમ્બર ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક વદ આઠમ | અંક : ૧૨૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ગોળીબારમાં ૨૫ લોકો ઘાયલ થયા

# આતંકવાદીઓએ બસ પર આડેધડ ગોળીબાર કર્યો, ૧૦ લોકોના મોત

**દિયામેરના ડેપ્યુટી કમિશનરે જણાવ્યું કે હુમલામાં માર્યા ગયેલા લોકોમાં બે સૈનિકો પણ સામેલ છે, તેમણે કહ્યું કે સ્પેશિયલ પ્રોટેક્શન યુનિટનો એક સભ્ય પણ ઘાયલ થયો છે**

। કરાચી, તા.૪ ।

આતંકવાદીઓએ પાકિસ્તાનના ગિલગિટ-બાલ્ટિસ્તાન ક્ષેત્રમાં કારાકોરમ હાઈવે પર એક પેસેન્જર બસ પર ગોળીબાર કર્યો, જેમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા અને ૨૫ અન્ય ઘાયલ થયા. એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા દિયામેરના ડેપ્યુટી કમિશનર આરિફ અહેમદે જણાવ્યું હતું કે આ ઘટના શનિવારે સાંજે ૬:૩૦ વાગ્યે ચિલાસના હુદુર વિસ્તારમાં બની હતી, જ્યારે આતંકવાદીઓએ બસ પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો, જેના કારણે ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવ્યું હતું અને બસ સામેથી બસ આવી તે એક ટ્રક સાથે અથડાઈ. પાકિસ્તાની અધિકારીએ જણાવ્યું હતું કે હુમલામાં માર્યા ગયેલા મોટાભાગના મુસાફરો દેશભરના હતા, જેમાં કોહિસ્તાન, પેશાવર, ઘીઝર, ચિલાસ, રાઉન્ડુ, સ્કર્દુ, માનસેહરા, સ્વાબી અને સિંધના એક કે બેનો સમાવેશ થાય છે. દિયામેરના ડેપ્યુટી કમિશનરે જણાવ્યું કે હુમલામાં માર્યા ગયેલા લોકોમાં બે સૈનિકો પણ સામેલ છે. તેમણે કહ્યું કે સ્પેશિયલ પ્રોટેક્શન યુનિટનો એક સભ્ય પણ ઘાયલ થયો છે. ધ એક્સપ્રેસ ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, દિયામેરના પોલીસ અધિક્ષક સરદાર શહરયારે જણાવ્યું કે કારાકોરમ હાઈવે પોલીસકર્મીઓ ઘટનાસ્થળે પહોંચનારા પ્રથમ હતા.




### કોઈપણ જૂથે તરત જ હુમલાની જવાબદારી લીધી નથી

**એસપીએ કહ્યું કે સ્થળ પર હાજર અન્ય વાહનોને કાફલાના રૂપમાં ત્યાંથી લઈ જવામાં આવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્યાં હુમલો થયો હતો તે સ્થળને પુરાવા એકત્ર કરવા માટે કોર્ડન કરવામાં આવ્યું છે. મહિલાઓ અને બાળકો સહિત ઘાયલ લોકોને ચિલાસની પ્રાદેશિક મુખ્યાલય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ધ એક્સપ્રેસ ટ્રિબ્યુને અહેવાલ આપ્યો હતો કે, કોઈપણ જૂથે તરત જ હુમલાની જવાબદારી લીધી નથી અને ફાયરિંગનું કારણ જાણી શકાયું નથી. મુખ્યમંત્રી હાજી ગુલબાર ખાને આ ઘટનાની નિંદા કરી હતી અને પેસેન્જર બસ પરના હુમલાને આતંકવાદનું કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવ્યું હતું. તેમણે ઘટનાની સંપૂર્ણ તપાસ માટે વિશેષ તપાસ ટીમની રચના કરવાની જાહેરાત કરી હતી.**

## ન્યૂઝ બ્રિફ



### વિપક્ષ હારનો ગુસ્સો સંસદમાં ન કાઢે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

। નવી દિલ્હી, તા.૪ ।

સંસદનું શિયાળુ સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે. આ સત્રમાં ભાગ લેવા પીએમ મોદી પણ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે સંસદની બહાર મીડિયાને સંબોધિત કરી વિપક્ષી દળો સામે નિશાન તાક્યું હતું. પીએમ મોદીએ મીડિયા સમક્ષ કહ્યું કે રાજકીય માહોલ ગરમાયો છે. ગઈકાલે ચાર રાજ્યોની ચૂંટણીના પરિણામ આવ્યા. પરિણામ ઉત્સાહજનક હતા. આ એમના માટે હતા જે સામાન્ય લોકોના કલ્યાણ માટે, દેશ માટે અને દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે કમિટેડ છે.

### મિઝોરમમાં ઝેડપીએમની ૨૭ બેઠક સાથે ક્લીન સ્વિપ

। આઈઝોલ, તા.૪ ।

મિઝોરમ વિધાનસભા ચૂંટણીમાં ઝેડપીએમે ક્લીન સ્વિપ કરતા ૪૦માંથી ૨૭ બેઠક મેળવી લીધી છે જ્યારે એમએનએફને ૧૦ કોંગ્રેસને ૧ અને ભાજપને એક બેઠક મળી છે.રાજ્યના મુખ્યપ્રધાન સહિત અનેક નેતા આ ચૂંટમીમાં હારી ગયા હતા. રાજ્યમાં આજે વહેલી સવારે ૮ વાગ્યાથી મત ગણતરી માટે રાજ્યભરના ૧૩ કેન્દ્રો પર મહિલાઓ સહિત ૪,૦૦૦ થી વધુ અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા.

### તમિલનાડુના કેટલાક વિસ્તારમાં ભારે વરસાદ, ચેન્નાઈ એરપોર્ટ પર પાણી ભરાયા

। ચેન્નાઈ, તા.૪ ।

મિચોંગ વાવાઝોડું તમિલનાડુના કિનારે અથડાય તે પહેલાં જ તેણે તબાહી મચાવવાની શરૂઆત કરી દીધી છે. દક્ષિણ આંધ્રપ્રદેશમાં દસ્તક દેતા પહેલાં મિચોંગ વાવાઝોડું ઉત્તર તમિલનાડુના કિનારે તબાહી મચાવી શકે છે. જોકે તેના આગમનની અસર છેલ્લા બે ત્રણ દિવસથી જોવા મળી રહી છે. તમિલનાડુમાં કેટલાક વિસ્તારોમાં તો એવો ભારે વરસાદ પડ્યો કે રન-વે, હાઈવે, રહેણાંક સોસાયટીમાં પાણી જ પાણી થઈ ગયું છે.

### પાંચમાંથી ત્રણ રાજ્યોમાં ભાજપના વિજયને વધાવતું શેરબજાર

# સેન્સેક્સનો ૧૩૮૩ અને નિફ્ટીનો ૪૧૮ પોઈન્ટનો કૂદકો જોવા મળ્યો

**રોકાણકારોની સંપત્તીમાં ૬ લાખ કરોડનો વધારો: બેંકિંગ તેમજ સરકારી કંપનીઓના શેરમાં જોરદાર ઉછાળો**



। મુંબઈ, તા.૪ ।

પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ત્રણ રાજ્યમાં મળેલી શાનદાર જીતની અસર આજે શેરબજારમાં પણ જોવા મળી હતી. સેન્સેક્સમાં ૧૩૮૩ પોઈન્ટનો અને નિફ્ટીમાં ૪૧૮ પોઈન્ટનો ઉછાળો આવ્યો હતો. રોકાણકારોની સંપત્તિમાં એક જ દિવસમાં મોટો વધારો થયો હતો.

આજે સેન્સેક્સ ૧૩૮૩.૯૩ પોઈન્ટના વધારા સાથે ૬૮૮૬૫.૧૨ પોઈન્ટની સર્વોચ્ચ સપાટી અને નિફ્ટી ૪૧૮.૯ પોઈન્ટના વધારા સાથે૨૦૬૮૬.૮૦ પોઈન્ટ પર બંધ રહ્યા હતા. આજના સત્રમાં બેંકિંગ તેમજ સરકારી કંપનીઓના શેરમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. એક જ સત્રમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૬ લાખ કરોડનો વધારો થયો છે. રોકાણકારોની સંપત્તિ વધીને ૩૪૬.૪૬ લાખ કરોડ પર પહોંચી છે. જે ગત સત્રમાં ૩૩૭.૫૩ લાખ કરોડ હતી.

આઈશર મોટર્સ, અદાણી એન્ટરપ્રાઈઝિસ, અદાણી પોર્ટ્સ, બીપીસીએલ અને આઈસીઆઈસીઆઈ બેંક નિફ્ટીમાં સૌથી વધુ વધ્યા હતા, જ્યારે એચડીએફસી લાઈફ, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, વિપ્રો, સન ફાર્મા અને ટાઈટન કંપની ટોપ લુઝર્સમાં સામેલ હતા. નિફ્ટી ફાર્મા અને મીડિયા સિવાય, અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા હતા.

### આપના સાંસદને ૧૧ ઓગસ્ટે સસ્પેન્ડ કરાયા હતા

## રાઘવ ચઢ્ઢાનું ૧૧૫ દિવસ બાદ રાજ્યસભાનું સસ્પેનશન રદ થયું

। નવી દિલ્હી, તા.૪ ।




રાજ્યસભામાંથી આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢાનું સસ્પેન્શન ખતમ થઈ ગયું છે. રાઘવ ચઢ્ઢાને ૧૧ ઓગસ્ટે ઉપલા ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આપસાંસદે આ અંગે સુપ્રીમ કોર્ટનો સંપર્ક પણ કર્યો હતો. આના પર પ્રતિક્રિયા આપતા આપસાંસદ રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે ૧૧ ઓગસ્ટે મને રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. મારું સસ્પેન્શન રદ કરાવવા હું સુપ્રીમ કોર્ટમાં ગયો હતો. સુપ્રીમ કોર્ટે આની નોંધ લીધી અને હવે ૧૧૫ દિવસ બાદ મારું સસ્પેન્શન રદ કરવામાં આવ્યું છે. રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે, મને ખુશી છે કે, મારું સસ્પેન્શન પાછું ખેંચી લેવામાં આવ્યું છે અને હું સુપ્રીમ કોર્ટ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડનો આભાર માનું છું.

### ભાજપે ત્રણ રાજ્યો પર સત્તા કબજે કરી

## ભાજપ સીએમ તરીકે જૂના જોગીઓ પર વિશ્વાસ મૂકશે કે નવા ચહેરા લાવશે

। નવી દિલ્હી, તા.૪ ।

ભારતીય જનતા પાર્ટીએ ૪ માંથી ૩ રાજ્યોમાં જંગી જીત મેળવી છે. આ જીતે ૨૦૨૪ની લોકસભાની ફાઈનલ પહેલા ભાજપને ટોનિક આપ્યું છે. આ વખતે ભાજપે આ ત્રણેય રાજ્યોના મુખ્યમંત્રી ચહેરાનું નામ સુધ્ધાં નથી આપ્યું. પરિણામો બાદ સવાલ એ છે કે કોણ બનશે સીએમ? જુઓ આખા સમીકરણ પણ વિગતે નોંધ. મોદી લહેર પર સવાર થઈને ભાજપે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં મોટી જીત નોંધાવી છે. તેવામાં મધ્યપ્રદેશમાં ભાજપ ફરી સત્તામાં આવી છે. આની સાથે જ રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસને સત્તા પરથી હટાવી ભાજપે જોરદાર જીત નોંધાવી દીધી છે. તે જ સમયે, કોંગ્રેસે તેલંગાણામાં બીઆરએસને ગાદી પરથી હટાવી દીધી છે. પરિણામો બાદ હવે ભાજપમાં નવી દોડધામ શરૂ થઈ ગઈ છે. એ છે મુખ્યમંત્રી પદ સુધી પહોંચવાની રેસ. આ



ત્રણેય રાજ્યોમાં ભાજપ પાસે જૂના અને અનુભવી ચહેરાઓ છે, પરંતુ સવાલ એ છે કે શું ભાજપ જૂના પર વિશ્વાસ કરશે કે નવા ચહેરાને લાવશે. જોકે, ભાજપે જે રીતે બમ્પર જીત નોંધાવી છે અને ભાજપના ટ્રેક રેકોર્ડને જોતા એવું લાગે છે કે ભાજપ નવી નેતાગીરી તૈયાર કરી શકે છે. ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ હંમેશા નવા અને યુવાનોને જવાબદારી આપવાની વાત કરે છે.

### દેશમાં વધતી ઠંડી વચ્ચે રાજકીય ગરમાવો

## ત્રણ રાજ્યોમાં વિજય બાદ સંસદમાં મોદીનું તાળીઓથી ભવ્ય સ્વાગત

। નવી દિલ્હી, તા.૪ ।



દેશમાં ધીમે ધીમે ઠંડી વધવા માંડી છે, પણ સાથે સાથે રાજકીય ગરમાવો પણ વધી ગયો છે. ચાર રાજ્યની વિધાનસભાની ચૂંટણીના પરિણામો આવી ગયા છે જે ઘણા ઉત્સાહજનક છે. એવા સમયે પીએમ મોદીએ જણાવ્યું હતું કે, 'આ એવા પ રિણામો છે જે દેશનું ભવિષ્ય સુનિશ્ચિત કરશે. સારા જનાદેશ બાદ આપણે સંસદ મંદિરમાં મળી રહ્યા છીએ. હું તમામ સાંસદોને સકારાત્મક વિચારો સાથે સંસદમાં આવવા અપીલ કરું છું. બાહ્ય હારનો ગુસ્સો સંસદમાં ન લાવવો. લોકશાહીના મંદિરને રાજકારણનું મંચ ન બનાવો. દેશને સકારાત્મકતાનો સંદેશ આપો.' આજે દેશની ૧૭મી લોકસભાનું છેલ્લું શિયાળુ સત્ર શરૂ થઈ ગયું છે. ૨૦૨૪માં આવનારી લોકસભાની ચૂંટણી પહેલા આ છેલ્લું શિયાળુ સત્ર છે.

## માઉન્ટ મેરાપી જ્વાળામુખી ફાટતાં ૧૧ પર્વતારોહકનાં મોત

। નવી દિલ્હી, તા.૪ ।

ઈન્ડોનેશિયાના પશ્ચિમી સુમાત્રામાં માઉન્ટ મેરાપી જ્વાળામુખી ફાટ્યો છે. આ દુર્ઘટનામાં ૧૧ પર્વતારોહકોના મોત થઈ ગયા છે. રાહત અને બચાવ ટીમોએ તમામ ૧૧ પર્વતારોહકોના મૃતદેહ બહાર કાઢ્યા છે. બચાવ અધિકારીઓએ જણાવ્યું કે, જ્વાળામુખી નજીકથી ત્રણ પર્વતારોહકો જીવીત મળી આવ્યા છે અને કેટલાય પર્વતારોહકો હજુ પણ લાપતા છે. આ લાપતા પર્વતારોહકોની તલાશ કરવામાં આવી રહી છે.

## તેલંગણામાં વાયુસેનાના વિમાનની દુર્ઘટનામાં બે પાયલટનાં મોત

। ડંડીગલ, તા.૪ ।

તેલંગાણામાં પિલાટસ ટ્રેનર વિમાનના દુર્ઘટનાગ્રસ્ત થવાથી વાયુસેનાના બે પાઈલટના મૃત્યુ થઈ ગયા છે. આ વિમાન ત્યારે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું જ્યારે તેણે તેલંગાણાના ડંડીગલમાં એરફોર્સ એકેડમીમાં ટ્રેનિંગ દરમિયાન ઉડાન ભરી હતી. વાયુસેનાના અધિકારીઓએ કહ્યું કે મૃત્યુ પામનારા પાઈલટોમાંથી એક ટ્રેનર છે અને એક કેડેટ છે. ભારતીય વાયુસેનાના એક અધિકારીએ કહ્યું કે એએફએ હૈદરાબાદથી નિયમિત ટ્રેનિંગ ઉડાન દરમિયાન આજે સવારે જ પિલાટ્સ પીસી ૭ એમકેં વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું.



## ન્યૂઝ બ્રિફ

### લોકસભાની ચૂંટણીમાં ૨૬ બેઠકો જીતવાનો આશાવાદ વ્યક્ત કર્યો

| અમદાવાદ, તા.૪ |

દેશની ચાર રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં ત્રણ રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીએ પોતાની જીત દાખલ કરી છે જેને લઈને ગુજરાત ભારતીય જનતા પાર્ટીમાં પણ ઉત્સાહનો માહોલ છે. નવસારી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમમાં સાંસદ સી.આર પાટીલે હાજરી આપી હતી સ્નેહ મિલન કાર્યક્રમમાં સમગ્ર જિલ્લામાંથી કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે. ૧૦,૦૦૦ થી વધુ લોકોને સંબોધ્યા હતા અને આવનારી લોકસભાની ચૂંટણીમાં ગુજરાત ની ૨૬ લોકસભા બેઠકો જીતવાનો આશાવાદ વ્યક્ત કર્યો છે. આ સાથે મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી એ મોટી જીત મેળવી છે જેને લઈને જશ્નનો માહોલ શરૂ થયો છે ત્યારે નવસારી જિલ્લાની બેઠકના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી નરેશ પટેલે ધાર જિલ્લામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. મધ્યપ્રદેશ વિધાનસભામાં આદીજાતિ મતદારો મહત્વની ભૂમિકા ભજવે છે અને ૮૦ જેટલી વિધાનસભા બેઠકો પર તેમનું પ્રભુત્વ જોવા મળે છે. આદિવાસી વિધાનસભા બેઠકો પર મહત્વની ભૂમિકા ભજવનાર નરેશભાઈ પટેલે આ વિસ્તારોમાં ખાસ વાતચીત કરી હતી.

### ગુજરાતમાં ડ્રાયફ્રૂટ્સના ૨૮ વેપારીના ૫૧ સ્થળો પર GSTની રેડ પડી

| અમદાવાદ, તા.૪ |

તહેવારનો સીઝન પૂર્ણ થયા બાદ સ્ટેટ જીએસટી દ્વારા કરચોરોને પકડવા માટે ઝુંબેશ હાથ ધરી છે. જેમાં સ્ટેટ જીએસટી દ્વારા રાજ્યમાં ડ્રાયફ્રુટનાં ૨૮ વેપારીઓનાં ૫૧ સ્થળો આકસ્મિક દરોડા પાડતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. સ્ટેટ GSTના અમદાવાદમાં ૩૦ સુરતના ૧૪ તો રાજકોટના ૭ સ્થળોએ દરોડા પાડ્યા હતા. સ્ટેટ જીએસટી દ્વારા હાથ ધરાયેલ તપાસમાં કેટલાક વિક્રેતાઓ કરચોરી કરતા હોવાનું સામે આવ્યુ છે. ડ્રાયફ્રૂટનાં વેપારીઓનાં ૨૦ કરોડથી વધુનાં છુપા વ્યવહારો મળી આવ્યા છે. જીએસટીની ટીમ દ્વારા કેટલાક વેપારીઓને ત્યાં તપાસ હાથ ધરતા દુકાનમાં નોંધાયેલ માલ અને હયાત માલમાં તફાવત જોવા મળ્યો હતો. તો કેટલાક વેપારીઓ બિલ વિના માલનું વેચાણ કરી રહ્યા હોવાનું પણ સામે આવ્યું હતું. વેપારીઓ ભરવાપાત્ર વેરો ન ભરી સરકારી તીજોરીને નુકશાન કરી રહ્યા હતા.



શિયાળાની મૌસમમાં સાબરમતી નદીમાં બ્લેક ડક જોવા મળી રહ્યા છે.

## રાણપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ઉમળકાભેર સ્વાગત કરતા ગ્રામજનો

| મહીસાગર, તા.૪ |

વિકસિત ભારત સંકલ્પ યાત્રા મહીસાગર જિલ્લા ૬ તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં પરિભ્રમણ કરી રહી છે, આ યાત્રાનો રથ લુણાવાડા તાલુકાના રાણપુર ગામે પહોંચતાં ગ્રામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ઉજજવલા યોજના, આયુષ્માન કાર્ડ યોજના તથા પૂર્ણા શક્તિ યોજના સહિતની સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકિય લાભો વિતરણ કરવામાં આવ્યા હતા. જયારે રાણપુર પ્રાથમિક શાળાના તેજસ્વી તારલાઓનું બહુમાન કર્યું હતું. વધુમાં તેમણે યાત્રાના કાર્યક્રમના સ્થળ ઉપર ઉભા કરવામાં આવેલ યોજનાકિય પ્રદર્શન સ્ટોલની મુલાકાત લઈ જાણકારી મેળવી કોઈપણ લાભાર્થી સરકારી લાભથી વંચિત ન રહી જાય તે માટે લાભ



લેવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં મેરી કહાની મેરી ઝુબાની અંતર્ગત મિશન મંગલમ, પીએમજય યોજનાના લાભાર્થીએ પોતાને મળેલા લાભની વાત કરી હતી. ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ પણ લીધા હતા. કાર્યક્રમ સ્થળે વિવિધ વિભાગોના સ્ટોલ દ્વારા યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

### વડોદરામાં લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો

## અજાણી ફ્રેન્ડ રિકવેસ્ટ એક્સેપ્ટ કરીને વડોદરાના વેપારીએ લાખો ગુમાવ્યા

| વડોદરા, તા.૪ |

શહેરમાં એક લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. ફેસબુક પર આવેલી ફ્રેન્ડ રિકવેસ્ટ કન્ફર્મ કર્યા બાદ વેપારીએ ત્રણ લાખથી વધુ રૂપિયા ગુમાવ્યા છે. ફેસબુકથી મેળવેલા વોટ્સએપ નંબર પર વાત કરીને વીડિયોકોલનું સ્કિન રેસોર્ડિંગ કરીને સાયબર માફિયાઓએ બ્લેકમેલ કરીને વેપારી પાસેથી લાખો રૂપિયા પડાવી સીબીઆઈમાંથી બોલું છું કેમ કહીને અન્ય રૂપિયા પડાવવાનું પણ કાવતરું ઘડ્યુ હતુ. આ અંગે સાઈબર ક્રાઈમમાં ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, શહેરના હરણી વિસ્તારમાં રહેતા એક વેપારીએ આ અંગેની ફરિયાદ સાયબર ક્રાઈમમાં




નોંધાવી છે. જેમા તેમણે જણાવ્યુ છે કે, વેપારીને ૨૮મીની રાતે ફેસબુક પર અદિતી અગ્રવાલની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. જે સ્વીકાર્યા બાદ મેસેન્જરમાં સામાન્ય વાત થતી હતી. જે બાદ તેણે મેસેજમાં ફોન નંબર માંગતા તે પણ શેર કર્યો હતો. જે બાદ અજાણ્યા મોબાઈલ નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો. જેમાં મેસેજ કરનારે તેણે તેનું નામ અદિતી જણાવ્યુ હતુ. થોડી વાચતચીત બાદ તે વીડિયો કોલ કરશે તેમ જણાવ્યુ હતુ. તેણે વીડિયો કોલ કર્યો અને મેં ઉપાડતા સામે નગ્ન યુવતી બેઠી હતી અને મારી જાણ બહાર આ અંગત વીડિયોકોલનું સ્ક્રીન રેકોર્ડિંગ કરવામાં આવી રહ્યુ હતુ. જે બાદ તેણે આ અંગેનો વીડિયો મને મોકલીને વાયરલ કરવાની ધમકી આપીને રૂપિયાની માંગણી કરી હતી. જે બાદ આ લોકોએ મને ધમકાવીને થોડા થોડા કરીને ૩.૩૩ લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્ઝેકશનથી પડાવ્યા હતા. જે બાદ ૧ ડિસેમ્બરના રોજ બપોરે એક અજાણ્યા નંબર પરથી વોઈસ કોલ આવ્યો હતો. જેણે સીબીઆઈ અધિકારીના નામે પૈસાની માંગણી કરી હતી.

### પથ્થરમારા બાદ બારી-બારણાં તોડ્યા

## પ્રેમ લગ્નના ઝઘડામાં ૧૧ શખ્સો દ્વારા SRP જવાનના ઘર પર હુમલો

### એસઆરપી જવાનના દીકરાએ કરેલા પ્રેમ લગ્નને લઇને છેલ્લા કેટલાક દિવસોથી બબાલ ચાલી રહી હતી

| આણંદ, તા.૪ |

આણંદ જિલ્લામાંથી ગઈ રાત્રે એક ગુનાખોરીની ઘટના સામે આવી છે, અહીં એસઆરપી જવાનના ઘરે પર કેટલાક શખ્સોએ હથિયારોથી હુમલો કર્યો છે, એસઆરપી જવાનના દીકરાએ કરેલા પ્રેમ લગ્નને લઈને છેલ્લા કેટલાક દિવસોથી બબાલ ચાલી રહી હતી, જેના અનુસંધાને ગઈ રાત્રે ૧૧ જેટલા હુમલાખોરો હથિયારો અને પાઈપો-લાકડી, ડંડા સાથે ધસી આવ્યા હતા, અને ઘરના બારી-બારણાં તોડી નાંખ્યા હતા. હાલ આ મામલે ઉમરેઠ પોલીસ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે, ગઈ રાત્રે આણંદ જિલ્લાના ઉમરેઠના ધુલેટા ગામમાં ૧૧ જેટલા શખ્સોએ એસઆરપી જવાનના ઘરે હુમલો કર્યો હતો. આ હુમલો પ્રેમ લગ્નની જુની અદાવતના કારણે કરાયો હોવાનું સામે આવ્યુ છે.

ઉમરેઠના ધુલેટા ગામમાં રહેતા એસઆરપી જવાનના દીકરાએ પ્રેમ લગ્ન કરી લીધા હતા, આ વાતથી રોષે ભરાયેલા સામાપક્ષ વાળાએ તકનો લાભ લઈને અને જુની અદાવતના કારણે ગઈરાત્રે અચાનક SRP જવાનના ઘરે ૧૧ જેટલા શખ્સોએ હુમલો કરી દીધો હતો.

### માવઠાથી કાચી ઇંટો પલળી જતા થયું ભારે નુકસાન

| બોટાદ, તા.૪ |

બોટાદ જિલ્લામાં ૧૦૦ થી વધુ ઈંટોના ભઠ્ઠા આવેલા છે. શિયાળાની સિઝનમાં ઈંટો પાડવાનું કામ ચાલતુ હોય છે. કાચી ઈંટો તૈયાર કરીને સુકવીને પકવવા માટે મુકવામાં આવે છે. હાલ ઈંટોની માંગ સારી હોય જેથી વેપારીઓ કાચું મટેરીઅલ્સ અગાઉથી ખરીદી કરી સ્થળ પર રાખતા હોય છે. બોટાદ જિલ્લામાં પડેલા કમોસમી વરસાદમાં ઈંટોના ભઠ્ઠાની કાચી ઈંટો વરસાદમાં પલળી ગઈ હતી. જેના કારણે અંદાજે ૬ લાખ રૂપિયાનું નુકસાન થયું હતું. ગઢડા શહેર અને તાલુકાના ગામડામાં મોટાભાગના ભઠ્ઠા પર કાચી ઈંટો તૈયાર કરીને સુકાવવા માટે મુકી હતી. ત્યારે થોડા દિવસ પૂર્વે જ વહેલી સવારે ગઢડા, બોટાદ, રાણપુર અને બરવાળા તાલુકા સહિત આસપાસના વિસ્તારમાં ભારે પવન, ગાજ વીજ અને કરા સાથે ભારે માવઠું થયું હતું. જેને લઈ ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. અને ઘણી જગ્યાએ નદીઓમાં પૂર જેવી સ્થિતિ પણ સર્જાઈ હતી. તેમજ કેટલીક જગ્યાએ ભારે વરસાદ પડયો હતો. તેના કારણે ગઢડા શહેર અને ગ્રામ્ય વિસ્તારોના કુલ ૧૫ થી વધુ ભઠ્ઠાની કાચી ઈંટો વરસાદમાં ધોવાઈ જતાં અંદાજે ૬ લાખ નુકસાન થયું છે. બોટાદ જિલ્લાના મોટાભાગના ઈંટો ભઠ્ઠા પર હાલમાં કાચી ઈંટો પાડવાનું કામ પુર જોષમાં ચાલી રહ્યું છે. સ્થાનિક તેમજ યુપી, બિહારથી મજૂરો લાવીને કાચી ઈંટો બનાવવાની કામગીરી કરવામાં આવે છે.

## માવઠા બાદ ચાલુ થશે ઝાકળ વરસાદનો રાઉન્ડ

### મહીસાગર, છોટાઉદેપુર, દાહોદ, ગોધરા, રાજપીપળા, વડોદરા જિલ્લા, ભરૂચમાં માવઠા જોવા મળી શકે છે

| અમદાવાદ, તા.૪ |

ભરશિયાળે રાજ્યના હવામાનમાં પલટો જોવા મળી રહ્યો છે. જે સમયે કડકડતી ઠંડીનો અહેસાસ થતો હોય છે તેવા સમયે જ સામાન્ય ઠંડી જોવા મળી રહી છે અને ભેજવાળા પવનો સાથે માવઠાના ઝાપટા પડી રહ્યા છે.

બંગાળની ખાડીમાં સર્જાયેલા વાવાઝોડાને લીધે ગુજરાતના હવામાન પણ અસર પડી છે અને પવનોની દિશા બદલાતા ઠંડી નહીં પણ માવઠા જોવા મળી રહ્યા છે. આ માવઠાના રાઉન્ડ ક્યાં સુધી ચાલુ રહેશે અને કયા વિસ્તારોને પ્રભાવિત કરશે, જ્યારે ઝાકળના વરસાદની સંભાવના અંગે હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ તેમની યુ-ટ્યુબ ચેનલ પર વીડિયો અપલોડ કરીને માહિતી આપી છે. જેમાં તેમણે વાવાઝોડા, ઠંડી, માવઠું અને ઝાકળના વરસાદ અંગે વિસ્તૃતમાં વાત કરી છે. બંગાળની ખાડીમાં વાવાઝોડું છે. આ વાવાઝોડું ધીમે-ધીમે આગળ વધી રહ્યું છે. તે તમિલનાડુના દરિયાકાંઠાથી નજીક પહોંચી દિશા બદલી ઉત્તર-પશ્ચિમ તરફ ગતિ કરશે. ૫ ડિસેમ્બરે વહેલી સવારે આંધ્રપ્રદેશ પર લેન્ડ કરે તેવી શક્યતાઓ છે. લેન્ડિંગ સમયે તેની ગતિ ૯૫થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની હશે. તેના ઝટકાના પવનોની ગતિ ૧૧૦ કિલોમીટર સુધીની રહી શકે છે.

જેના લીધે ૬ ડિસેમ્બર સુધી દક્ષિણ ભારતના ભાગોમાં વરસાદ ચાલુ રહેશે. આ વાવાઝોડું ગુજરાતને એવી રીતે અસર કરવાનું છે કે નવેમ્બરના મધ્યએથી ઉત્તર પૂર્વના પવનો સેટ થઈ ચૂક્યા હતા. બંગાળની ખાડીમાં વાવાઝોડું સર્જાતા ગુજરાતના પવનોની દિશા બદલાઈ છે. ઘણી જગ્યાએ પવનો પશ્ચિમ દિશાએથી ફરીને આવી રહ્યા છે. આ વાવાઝોડાને લીધે પવનોની જે દિશા બદલાઈ છે અને પવનો ભેજવાળા આવી રહ્યા છે. જેના લીધે રાજ્યમાં ઘણી જગ્યાએ વાદળછાયું વાતાવરણ થયું છે. જેના લીધે છેલ્લા બે દિવસથી છૂટાછવાયા માવઠાના ઝાપટાઓ જોવા મળી રહ્યા છે. આવનારા ૨૪ કલાક સુધી રાજ્યના કેટલાક ભાગોમાં માવઠાના ઝાપટા જોવા મળશે. ૪ તારીખે મોડી રાત સુધી હવામાનમાં બદલાવ જોવા મળશે. મહીસાગર, છોટાઉદેપુર, દાહોદ, ગોધરા, રાજપીપળા, વડોદરા જિલ્લા, ભરૂચમાં માવઠા જોવા મળી શકે છે.

મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ અને ઉત્તર ગુજરાતમાં પણ છૂટાછવાયા ઝાપટા જોવા મળી શકે છે. આ છૂટાછવાયા સામાન્ય હળવા વરસાદ છે. કોઈ ભારે વરસાદ થવાનો નથી. ૫ ડિસેમ્બરથી ફરી હવામાન ચોખ્ખુ થઈ જશે. વાવાઝોડાની અસરના લીધે રાજ્યમાં માવઠું પડી રહ્યું છે. હાલ ઉત્તર ભારતના પહાડી પ્રદેશોમાં હિમવર્ષાની શરૂઆત થઈ છે. ૫ ડિસેમ્બરે દેશના ઘણા રાજ્યો વાવાઝોડાની અસરથી મુકત થાય તે પછી ગુજરાતમાં પણ ફરી પવનોની દિશા બદલાય અને ૫ તારીખથી ઉત્તર પૂર્વના પવનો થશે.

૬ તારીખથી ગુજરાતમાં ગમે ત્યારે તપામાન નીચું આવશે અને ઠંડીનો અહેસાસ થશે. ૬ ડિસેમ્બરથી ઠંડીનો રાઉન્ડ ચાલુ થાય તેવી શક્યતાઓ છે. ૫ ડિસેમ્બરથી ગુજરાતમાં ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગોમાં ઝાકળ વરસાદનો રાઉન્ડ ચાલુ થશે. કેમ કે, ઝાકળ વરસાદને લીધે શિયાળું પાકમાં જે કઈ ફેરફારો થતા હોય છે, તેને ધ્યાને રાખવાના હોય છે. પાણી પીવડાવવું, ન પીવડાવવું, તે અલગ-અલગ પાક પ્રમાણે નિર્ણય લેવાના હોય છે. તે પણ દરેક ખેડૂતે ધ્યાનમાં રાખવાનું છે કે, ૫ ડિસેમ્બરથી રાજ્યના અનેક વિસ્તારોમાં ઝાકળનો રાઉન્ડ આવી રહ્યો છે. તે રાઉન્ડ ત્રણથી ચાર દિવસ જોવા મળે તેવી શક્યતાઓ હાલ દેખાઈ રહી છે. આ ઝાકળ પણ સમગ્ર વિસ્તારમાં નહીં હોય, છૂટાછવાયા વિસ્તારોને પ્રભાવિત કરશે.

## વિશેષ

### માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ i-Hub કોમ્પલેક્સનું કરશે લોકાર્પણ

# i-Hub દ્વારા રાજ્યના સ્ટાર્ટઅપ્સ માટે ૧,૫૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં અત્યાધુનિક કોમ્પલેક્સ વિકસિત કરવામાં આવ્યું

**SSIP** હેઠળ સ્થાપિત ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન હબ **(i-Hub)**ના એક અત્યાધુનિક કોમ્પલેક્સનું ઉદ્ઘાટન તારીખ ૫ ડિસેમ્બરના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવશે. આ સર્વસમાવેશક સેન્ટર અત્યાધુનિક સુવિધાઓની સાથે ઉદ્યોગસાહસિકતા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેનું ૧,૫૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં આવેલુ સૌથી મોટું કેન્દ્ર હશે, જ્યાં એકસાથે એક જ જગ્યાએથી ૫૦૦ સ્ટાર્ટઅપ્સ કામ કરી શકશે.

દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વિકસિત કરવા માટે તેમજ દેશના યુવાનો 'જોબ સીકર' ને બદલે 'જોબ ગિવર' બને તે ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' મિશન શરૂ કર્યું છે. આ મિશન માટે કામ કરવામાં ગુજરાત મોખરે રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી ૨.૦ **(SSIP 2.0)** પણ જાહેર કરવામાં આવી છે. સ્ટાર્ટઅપ્સ માટે સુવિધાઓ વિકસિત કરવામાં ગુજરાત એક કદમ આગળ વધી રહ્યું છે.



**પ્રારંભિક તબક્કાના ૫૦૦ સ્ટાર્ટઅપ્સને સપોર્ટ**

**i-Hub** દ્વારા વિકસિત આ અત્યાધુનિક કોમ્પલેક્સ ફલેક્સિબલ, પ્રારંભિક સ્ટાર્ટઅપ્સને અનુકૂળ અને સહયોગી કો-વર્કિંગ સ્પેસનું મિશ્રણ છે, જે વિચારોના આદાન-પ્રદાનને પ્રોત્સાહિત કરશે. સાથે જ તેની ભવિષ્યવાદી અને અદ્યતન ટેક્નોલોજી સાથે બનાવવામાં આવેલી લેબમાં પ્રારંભિક સ્ટાર્ટઅપ માટેની તમામ સુવિધાઓ હશે. આ ઉપરાંત, આગામી પાંચ વર્ષમાં રાજ્યમાં પ્રારંભિક તબક્કાના ૫૦૦ સ્ટાર્ટઅપ્સને સપોર્ટ કરવામાં આવશે. અત્યાર સુધીમાં **i-Hub** દ્વારા ૪૨૯ સ્ટાર્ટઅપ્સને ઈક્યુબેશન સપોર્ટ આપવામાં આવ્યો છે જેની વેલ્યુ ૨૩૦૦ કરોડ છે અને ૪૩૦ કરોડની ક્યુમીલેટીવ રેવન્યુ જનરેશન થઈ છે. તો ૧૪૦૦ નોકરીની તકોનું સર્જન થયુ છે.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના નેશનલ સ્ટાર્ટઅપ રેંકિંગમાં વર્ષ ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૧ એમ સતત ત્રણ વર્ષો સુધી ગુજરાત બેસ્ટ પર્ફોમર રાજ્ય રહ્યું હતું. યુવાનોને રોજગાર આપીને, તેમને કૌશલ્ય પ્રદાન કરીને અને તેમને સન્માન અને ગૌરવ આપીને એક નવીન દ્રષ્ટિકોણ સાથે ગુજરાત સરકારે રાજ્યની વિકાસયાત્રાને આગળ વધારી છે.

**i-Hub દ્વારા વિકસિત સેન્ટરની વિશેષતાઓ**

કો-વર્કિંગ સ્પેસઃ **i-Hub** સ્ટાર્ટઅપ્સને કો-વર્કિંગ સ્પેસ ઓફર કરે છે જે હાઈ સ્પીડ ઈન્ટરનેટ સહિતની મૂળભૂત સુવિધાઓથી સુસજ્જ છે અને તેનો પ્લગ-એન-પ્લે મોડલમાં સરળતાથી ઉપયોગ કરી શકાય છે. ૧,૫૦,૦૦૦ ચોરસ ફૂટનું સંપૂર્ણ નવીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવ્યુ છે, જેમાં એકસાથે ૫૦૦ સ્ટાર્ટઅપ્સ કામ કરી શકશે.

નેટવર્કીંગની તકોઃ **i-Hub** એ દેશ અને વિદેશમાં અનેક સંસ્થાઓ સાથે ભાગીદારી કરી છે, જેનો લાભ સ્ટાર્ટઅપ્સને મળશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ સપોર્ટઃ તમામ સ્ટાર્ટઅપ્સને મીટિંગ રૂમ, સેમિનાર રૂમ, કોન્ફરન્સ રૂમ અને લાઈબ્રેરી જેવો ઈન્ફ્રાસ્ટ્રક્ચર સપોર્ટ પુરો પાડવામાં આવશે, જેનો ઉપયોગ વિના મૂલ્યે અથવા ઓછા ખર્ચે કરી શકાશે.

**360°** મેન્ટરશિપઃ માર્ગદર્શન અને મેન્ટરશીપ માટે સ્ટાર્ટઅપ્સને **i-Hub**ના મેન્ટર બોર્ડની ઍક્સેસ આપવામાં આવી છે. આ મેન્ટર બોર્ડમાં બિઝનેસ મોડેલિંગ, ડિઝાઈનિંગ, પ્રોડક્ટ ડેવલપ મેન્ટ, સ્કેલ-અપ સ્ટ્રેટેજી વગેરે જેવા વિવિધ ડોમેન વર્ટિકલ્સના જાણીતા નિષ્ણાતોનો સમાવેશ થાય છે.

આઈપીઆર સપોર્ટઃ **i-Hub** ઈન-હાઉસ સ્ટેટ આઈપી ફેસિલિટેશન સેન્ટર દ્વારા સ્ટાર્ટઅપ્સને પેટન્ટ અને ટ્રેડમાર્ક સપોર્ટ પૂરો પાડે છે. **i-Hub** સાથે સંકળાયેલા સ્ટાર્ટઅપ્સ માટે પેટન્ટ અને ટ્રેડમાર્ક ફાઈલ કરવા માટેનો તમામ ખર્ચ રીએમ્બર્સ કરી આપવામાં આવે છે.

ભંડોળ સહાયઃ **i-Hub** વિવિધ યોજનાઓ હેઠળ સ્ટાર્ટઅપ્સને નાણાકીય સહાય પૂરી પાડે છે. યોગ્યતા ધરાવતા તમામ સ્ટાર્ટઅપ્સને મૂડી સપોર્ટની ઍક્સેસ મળે છે. ઉપરાંત, ખાનગી મૂડી એકત્ર કરવા માટે સ્ટાર્ટઅપ્સને ૨૮ એન્જલ રોકાણકારો અને ૧૨ પ્રારંભિક તબક્કાના વેન્ચર ફંડ્સની ઍક્સેસ પણ મળી શકે છે.

## ઓસ્ટ્રેલિયા સામે ટી૨૦ની શ્રેણીમાં ઋતુરાજના સૌથી વધુ ૨૨૩ રન



। નવી દિલ્હી, તા.૪ ।

ભારતીય ટીમના ઓપનર ઋતુરાજ ગાયકવાડે ગઈકાલે સિરીઝની અંતિમ મેચમાં ઓસ્ટ્રેલિયા સામે સસ્તામાં પોતાની વિકેટ ગુમાવી દીધી હતી. તેણે ૧૨ બોલમાં ૧૦ રન બનાવ્યા હતા. ગાયકવાડે ભલે નાની ઈનિંગ રમી હતી પરંતુ તેણે એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. ઋતુરાજ ગાયકવાડ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ એક ટી૨૦આઈ દ્વિપક્ષીય સિરીઝમાં સૌથી રન બનાવનાર ખેલાડી બની ગયો છે. આ મામલે તેણે વિરાટ કોહલી અને માર્ટિન ગુપ્ટિલને પાછળ છોડી દીધા છે. ઋતુરાજ ગાયકવાડે ઓસ્ટ્રેલિયા સામે ૫ મેચોની ટી૨૦ સિરીઝમાં કુલ ૨૨૩ રન બનાવ્યા હતા. જ્યારે ન્યુઝીલેન્ડના દિગ્ગજ ક્રિકેટર માર્ટિન ગુપ્ટિલે ઓસ્ટ્રેલિયા સામે એક ટી૨૦આઈસિરીઝમાં કુલ ૨૧૮ રન બનાવ્યા હતા. ભારતીય ટીમનો સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી હવે આ લીસ્ટમાં ત્રીજા નંબરે આવી ગયો છે. વિરાટ પછી ૧૯૨ રન સાથે ડેવોન કોન્વે ચોથા નંબરે છે.

### ભારત સામેની શ્રેણી માટે દક્ષિણ આફ્રિકાની ટીમો જાહેર થઈ

# બાવુમાનની ટીમને વનડે ટીમમાંથી પડતો મુકાયો, ટેસ્ટ ટીમનું નેતૃત્વ સોંપાયું

### વનડે વર્લ્ડ કપ ૨૦૨૩માં બાવુમાનની ટીમએ સાથી ક્વિન્ટન ડી કોક સાથે મળીને ઓપનિંગની જવાબદારી સંભાળી હતી

। ડરબન, તા.૪ ।

ભારતીય ક્રિકેટ ટીમ સાઉથ આફ્રિકાના પ્રવાસે જવાની છે, જ્યાં તે ટી૨૦, ODI અને ટેસ્ટ સિરીઝ રમશે. આજે સાઉથ આફ્રિકાએ ત્રણેય ફોર્મેટ માટે પોતાની ટીમ જાહેર કરી છે. વનડે ફોર્મેટના સ્ક્વોડમાં વનડે વર્લ્ડ કપ ૨૦૨૩માં સાઉથ આફ્રિકાની કેપ્ટનશીપ કરનાર ટેમ્બા બાવુમાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. જો કે ટેસ્ટ ફોર્મેટમાં તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે અને તેને કેપ્ટનશીપ પણ સોપવામાં આવી છે. ટેમ્બા બાવુમા એક ઓપનર બેટ્સમેન છે અને તેણે વનડે વર્લ્ડ કપ ૨૦૨૩માં તેના સાથી ક્વિન્ટન ડી કોક સાથે મળીને ઓપનિંગની જવાબદારી સંભાળી હતી. પરંતુ તે આ જવાબદારી એકપણ મેચમાં નિભાવી શક્યો ન હતો. કદાચ આ જ કારણ છે કે સાઉથ આફ્રિકાના ટીમ મેનેજમેન્ટે વર્લ્ડકપ બાદ યોજાનારી પ્રથમ વનડે સિરીઝમાં બાવુમાને વનડે ટીમમાંથી બહાર કરી દીધો છે. આ ઉપરાંત તેને ટી૨૦ ટીમમાં પણ સ્થાન મળ્યું નથી. ભારતના સાઉથ આફ્રિકા પ્રવાસની શરૂઆત ટી૨૦ સિરીઝથી થશે. જેની પ્રથમ મેચ ૧૦ ડિસેમ્બરે ડરબનમાં રમાશે. સાઉથ આફ્રિકાએ તેની ટી૨૦ ટીમ પણ જાહેર કરી છે.




આ ટીમમાં નવા અને જુના એમ બંને ખેલાડીઓને સામેલ કરવામાં આવ્યા છે. ભારત સામે રમાનાર વનડે અને ટી૨૦ સિરીઝમાં સાઉથ આફ્રિકાની કેપ્ટનશીપ એડન માર્કરમને સોંપવામાં આવી છે. ભારત સામેની વન-ડે સિરીઝ માટે સાઉથ આફ્રિકાની ટીમ, એડન માર્કરમ (સુકાની), ઓટનીલ બાર્ટમેન, નાન્દ્રે બર્જર, ટોની ડી ઝોર્ઝી, રીઝા હેન્ડ્રીક્સ, હેનરિક ક્લાસેન, કેશવ મહારાજ, મિહલાલી મપોન્ગવાના, ડેવિડ મિલર, વિયાન મુલ્ડર, એન્ડીલે ફેહલુકવાયો, તબરેઝ શમ્સી, રાસી વાન ડર ડુસેન, કાઈલ વેરિન, લિઝાદ વિલિયમ્સ ભારત સામેની ટી૨૦ સિરીઝ માટે સાઉથ આફ્રિકાની ટીમ એડન માર્કરામ (સુકાની), ઓટનીલ બાર્ટમેન, મેથ્યુ બ્રેટ્ઝકે, નાન્દ્રે બર્જર, ગેરાલ્ડ કોએત્ઝી, ડોનોવન ફરેરા, રીઝા હેન્ડ્રીક્સ, માર્કો જેન્સેન, હેનરિક ક્લાસેન, કેશવ મહારાજ, ડેવિડ મિલર, લુંગી એનગીડી, એન્ડીલે ફેહલુકવાયો, તબરેઝ શમ્સી, ટ્રિસ્ટન સ્ટબ્સ, લિઝાદ વિલિયમ્સ. ભારત સામેની ટેસ્ટ સિરીઝ માટે સાઉથ આફ્રિકાની ટીમ ટેમ્બા બાવુમા (સુકાની), ડીન એલ્ગર, એડન માર્કરમ, ડી ઝોર્ઝી, કીગન પીટરસન, કાઈલ વેરેની (વિકી), ટ્રિસ્ટન સ્ટબ્સ, ડેવિડ બેડિંગહામ, વિયામ મુલ્ડર, માર્કો જેન્સેન, નાન્દ્રે બર્જર.

### ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવીને બનાવી દીધો રેકોર્ડ

# ભારત ટીમ તરફથી મુકેશ કુમારે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી

### ભારતીય ક્રિકેટ ટીમ આંતરરાષ્ટ્રીય ટી-૨૦ ક્રિકેટમાં શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝ સામે ટી૨૦માં પણ ૧૯-૧૯થી જીત મેળવી ચૂકી છે

। નવી દિલ્હી, તા.૪ ।

ભારતે ઓસ્ટ્રેલિયાને પાંચ મેચની T20 શ્રેણીની છેલ્લી મેચમાં છ રને હરાવ્યું હતું. એક સમયે હાર દેખાતી હતી એ મેચમાં ભારતે છેલ્લી ઓવરમાં અર્શદીપ સિંહની બોલિંગના સહારે ૯ ઓવર રન બચાવીને જીત મેળવી હતી. આ જીત સાથે ટીમ ઈન્ડિયાએ શ્રેણી ૪-૧થી જીતી લીધી છે. ભારતે વિશાખાપટ્ટનમમાં બે વિકેટ અને તિરુવનંતપુરમમાં ૪૪ રનથી જીત મેળવી હતી. ત્યાર પછીની મેચમાં ગુવાહાટીમાં તાજેતરમાં વર્લ્ડ ચેમ્પિયન બનનાર ઓસ્ટ્રેલિયાએ પાંચ વિકેટે જીત મેળવી હતી. જો કે ત્યાર પછી ફરીથી ભારતે પુનરાગમન કર્યું હતું અને છેલ્લી બે મેચ જીતી લીધી હતી. ભારતીય ટીમે રાયપુરમાં ઓસ્ટ્રેલિયાને ૨૦ રને અને હવે બેંગ્લોરમાં છ રને હરાવ્યું હતું. ટી૨૦માં ભારતે ઓસ્ટ્રેલિયાને ૧૯મી વખત હરાવ્યું છે. એક ટીમ સામે ભારતની આ સંયુક્ત સૌથી મોટી જીત છે. ભારતીય ક્રિકેટ ટીમ આંતરરાષ્ટ્રીય ટી-૨૦ ક્રિકેટમાં શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝ સામે ટી૨૦માં પણ ૧૯-૧૯થી જીત મેળવી ચૂકી છે. એટલે કે હવે જો ઓસ્ટ્રેલિયા ભારત સામે એક ટી-૨૦ હારે તો ભારત સામે સૌથી વધુ ટી-૨૦ મેચ હારનાર ટીમ બની જશે. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન મેથ્યુ વેડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો. બોલરોએ પોતાનો



નિર્ણય સાચો સાબિત કર્યો અને યજમાન ટીમને શરૂઆતમાં આંચકા આપ્યા હતા. ભારતીય ટીમની શરૂઆત ખરાબ રહી હતી અને પાવરપ્લેની પ્રથમ છ ઓવરમાં તેને બે આંચકાઓનો સામનો કરવો પડ્યો હતો. બંને ઓપનર યશસ્વી જયસ્વાલ (૨૧) અને ઋતુરાજ ગાયકવાડ (૧૦) પેવેલિયન પરત ફર્યા હતા. સિક્સર મારવાનો પ્રયાસ કરતી વખતે યશસ્વી જેસન બેહરનડોર્ફના બોલ પર એલિસના હાથે કેચ આઉટ થયો હતો. ટીમે ૩૩ રનમાં પ્રથમ વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી આ શ્રેણીમાં સદી ફટકારનાર ઋતુરાજ પણ બેન ડોર્સિસના બોલ પર બેહરનડોર્ફના હાથે કેચ આઉટ થયો હતો. ભારતીય ક્રિકેટ ટીમ સારી શરૂઆત બાદ એક સમયે મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી.

### પૂર્વ વડાપ્રધાનનાં પુત્ર વધૂ ગુસ્સે થયા

# કારને નુકસાન પહોચાડવા કરતાં કોઈ બસ નીચે જઈને મરી જા: ભવાની રેવન્ના

। મૈસુર, તા.૪ ।

પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાની પુત્રવધૂ અને એચડી રેવન્નાની પત્ની ભવાની રેવન્નાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયો ક્લિપમાં ભવાની રેવન્ના એક બાઈક સવારને જેમ તેમ બોલતી જોવા મળી રહી છે. માહિતી મળી રહી તે પ્રમાણે એક બાઈક ચાલકે તેમની કારને ટક્કર મારી હતી. વીડિયોમાં ભવાની રેવન્ના બાઈક સવારને બોલતી જોવા મળી રહી છે, તે કહી રહી છે કે તેમની કારને નુકસાન પહોચાડ્યા કરતાં કોઈ બસ નીચે જઈને મરી જા. આટલુ જ નહીં ત્યા ઉપસ્થિતિ લોકો ઉપર પણ ગુસ્સો ઠાલવતી જોવા મળી રહી છે. તે કહે છે કે તેમની કારની કિંમત ૧.૫ કરોડ રુપિયા છે, તે પુછી



રહી છે કે તેમની કારને જે નુકસાન થયુ છે તેનો ખર્ચો કોણ ભોગવશે.. આટલું જ નહીં ભવાની રેવન્ના કહે છે કે ૧.૫ કરોડ રુપિયાની કારમાં નુકસાન થયુ છે, તે સિવાય સ્થાનિક લોકોને બાઈક સવારની સુરક્ષાને લઈને ચિંતા છે.

હકીકતમાં જેડીએસના નેતા અને ભવાની રેવન્નાની કાર અને એક બાઈકની વચ્ચે ટક્કર થઈ હતી. તે પછી ભવાની રેવન્નાના ડ્રાઈવર મંજુનાથે બાઈક સવાર શિવન્ના વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ કરી હતી.

### ઈઝરાયેલ અને હમાસ હુમલામાં અનુચિત ઘટના

# લાલ સાગરમાં યુએસના જહાજો પર ડ્રોનથી હુમલા

। વોશિંગ્ટન, તા.૪ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન લાલ સાગરમાં અમેરિકાના એક યુદ્ધજહાજ અને કોમર્શિયલ જહાજો પર હુમલો થયાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માહિતી અનુસાર આ જહાજો પર ડ્રોન વડે હુમલો કરાયો હતો. પેન્ટાગોને આ માહિતી આપી હતી. યમનના હૌથી બળવાખોરોએ તેના પછી તે જહાજો પર હુમલો કર્યાનો દાવો કરતાં તેને ઈઝરાયલ સાથે જોડ્યું હતું. જોકે અમેરિકી નેવીના જહાજ પર હુમલાની જવાબદારી હૌથી બળવાખોરોએ સ્વીકારી નહોતી. પેન્ટાગોને કહ્યું હતું કે અમને લાલ સાગરમાં અમેરિકી યુદ્ધજહાજ



અને કોમર્શિયલ જહાજો પર હુમલાની જાણકારી મળી છે. ડ્રોન વડે આ હુમલો કરાયો હતો. જે સવારે લગભગ ૧૦ વાગ્યે થયો હતો અને લગભગ પાંચ કલાક સુધી હુમલા કરાયા હતા. તમને જણાવી દઈએ કે યમનમાં ઈરાન સમર્થિત હૈતી બળવાખોરોએ લાલ સાગરમાં ઈઝરાયલ તરફ અવર જવર કરતાં જહાજોને સતત નિશાન બનાવવાની શરૂઆત કરી છે. ઈઝરાયલને નિશાન બનાવીને જ આ હુમલા કરાતા હોવાનો પણ દાવો કરાયો છે.

### નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરો ચોંકાવનારો રિપોર્ટ જારી કર્યો

# દેશમાં દરરોજ સરેરાશ ૭૮, કલાકમાં ત્રણ હત્યા થાય છે

। નવી દિલ્હી, તા.૪ ।

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી)એ તાજેતરમાં ચોંકાવનારો રિપોર્ટ જારી કર્યો છે. વર્ષ ૨૦૨૨માં દેશમાં કુલ ૨૮,૫૫૨ હત્યાના ગુના નોંધ્યા હતા. રોજની ૭૮ હત્યા અથવા દર કલાકે ત્રણ હત્યા થાય છે. ૨૦૧૯માં ૨૯,૨૭૨ હત્યાના ગુના નોંધવામાં આવ્યા હતા એટ્લે ૨૦૨૧ની તુલનામાં ૨.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૨માં મહિલાઓ સામે કુલ ૪,૪૫,૨૫૬ ગુના નોંધવામાં આવ્યા હતા, જેમાં ૨૦૨૧ની સરખામણીએ ચાર ટકાનો વધારો થયો છે. ૨૦૨૨માં થયેલી કુલ હત્યામાં કુલ ૨૮,૫૨૨



એફઆઆઈઆર નોંધવામાં આવ્યા હતા, જેમાં રોજના સરેરાશ ૭૮ હત્યા એટલે દર ત્રણ કલાકે ત્રણથી વધુ લોકોની હત્યા થઈ હતી. જે ૨૦૨૧માં ૨૯,૨૭૨ અને ૨૦૨૦માં ૨૯,૧૯૩ હત્યા થઈ હતી. રિપોર્ટના આંકડા મુજબ ૨૦૨૨માં મામુલી કારણો અને વિવાદને લઈને ૯,૯૬૨ હત્યા થઈ હતી તેમ જ ૩,૭૬૧ અંગત વેર અથવા દુશ્મનાવટ, ૧,૮૮૪ લાલચ અને ફાયદો ઉઠાવવા માટે હત્યા કરવામાં આવી હતી. દેશમાં દર એક લાખ લોકોએ હત્યાનો દર ૨.૧ ટકા રહ્યો હતો, જ્યારે આવા કિસ્સામાં ચાર્જશીટ દાખલ કરવાનો દર ૮૧.૫ હતો.

ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૩,૪૯૧ એફઆઈઆર નોંધાઈ હતી, જે દેશમાં સૌથી વધારે હતી, ત્યાર બાદ બિહારમાં ૨,૯૩૦, મહારાષ્ટ્રમાં ૨,૨૯૫, મધ્ય પ્રદેશમાં ૧,૯૭૮ અને રાજસ્થાનમાં ૧,૮૩૪ હત્યા માટે એફઆઈઆર નોંધવામાં આવી હતી, જેમાં ટોચના પાંચ રાજ્યમાં હત્યાની ૪૩.૯૨ ટકા કેસ નોંધવામાં આવ્યા હતા.



નવી દિલ્હીમાં સાંસદના શિયાળુ સત્રના પ્રથમ દિવસે કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને પ્રહલાદ જોશી ભાજપના સાંસદ જેપી નડ્ડા સાથે નજરે પડે છે.

## ભૂતાનમાં પીડીપી પાર્ટીનો નેશનલ અસેમ્બલીની ચૂટણીના પ્રથમ રાઉન્ડમાં વિજય

। થિમ્ફૂ, તા.૪ ।

ભૂતાનમાં પીડીપી પાર્ટી નેશનલ અસેમ્બલીની ચુંટણીનો પ્રથમ રાઉન્ડ જીતી ચુકી છે. તેમજ પીડીપી પાર્ટીને ભારત સમર્થક પાર્ટી માનવામાં આવે છે. ભૂતાનની ચુંટણી પદ્ધતિ ભારત કરતા અલગ છે. જેમાં ચૂંટણીના પ્રથમ રાઉન્ડમાં, મતદારો પક્ષના ઉમેદવારોને મત આપે છે, તેના આધારે, પ્રથમ રાઉન્ડમાં સૌથી મોટી પાર્ટી બનેલા બે પક્ષો છેલ્લા રાઉન્ડની ચૂંટણી લડે છે. ભૂતાનમાં ૯ જાન્યુઆરીએ અંતિમ તબક્કાની ચૂંટણી યોજાવાની છે. ભુતાનમાં કુલ ૪૭ બેઠકો માટે સામાન્ય ચૂંટણી યોજાય છે. ભૂતાનની ચૂંટણી ભારત માટે મહત્વની છે, કારણ કે ભારત-ચીન વિવાદ સીધો સંબંધ ત્યાંની આવનારી સરકારના ભારત પ્રત્યેના વલણ સાથે છે. ત્યાંની પ્રાથમિક ચુંટણીમાં પાંચ પાર્ટીઓ સામેલ છે. એક પીડીપીને બાદ કરતા તમામ ચાર પાર્ટીઓને ૨૦ ટકાથી ઓછા વોટ મળ્યા છે. પીડીપીને ૪૨.૫ ટકા વોટ મળ્યા છે. જયારે અન્ય પાર્ટી બીટીપીને ૧૯.૫ ટકા વોટ મળ્યા છે.

## જમીન સાથે સંપર્ક ન હોઈ પક્ષીઓને હેવી લાઈન પર કરંટ નથી લાગતો



। નવી દિલ્હી, તા.૪ ।

એવી ઘણી વસ્તુઓ છે કે જે આપણે રોજ જોતા હોઈએ છીએ,પરંતુ તેની પાછળનું કારણ આપણે જાણતા નથી. આપણી નજર આ ઘટનાઓ રોજ જોતા કોઈ નવાઈ નથી લાગતી, એટલે આપણે તેને કોઈ અજીબ નથી માનતા. ઉદાહરણ તરીકે એક હેવી લાઈન તાર પર બેઠેલા પક્ષીઓ તમે જોયા હશે પરંતુ તેમને ક્યારેય વીજળીના તારમાંથી કરંટ નથી લાગતો, પરંતુ જો કોઈ માણસ તેને અડી જાય તો ત્યાજ ભસ્મીભૂત થઈ જાય છે. પરંતુ ખરેખર વિચાર એ આવે કે કેમ પક્ષીઓને કરંટ નથી લાગતો. આ વાતને સંપુર્ણ સમજવા માટે તમારે વીજળીના પ્રવાહના નિયમને સમજવો પડશે. વીજળીના તાર દ્વારા એકથી બીજા મીડિયમમાં પ્રવાહિત થાય છે. વીજળી આ રસ્તે સારી રીતે પસાર થઈ શકે છે, જ્યા તેને કોઈ અવરોધ ન મળતો હોય. એવામાં વીજળીનો પ્રવાહને સારી રીતે ફ્લો કરવા માટે તાંબાનો ઉપયોગ કરવામાં આવે છે. એવુ કહેવામાં આવે છે કે પક્ષીઓના શરીરમાં એવા કોશો અને પેશીઓ હોય છે, જે તાંબાના તારમાં પ્રતિકાર બનાવે છે અને વીજળીના પ્રવાહને અસર કરે છે. તારમાંથી નીકળતો કરંટ પક્ષીઓના શરીરને અસર કરતું નથી. આ વાત આપણે સૌ જાણીએ છીએ.

### બે દિવસમાં ફિલિપાઈન્સમાં અનેક આંચકા

# ફિલિપાઈન્સમાં ૬.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

। મનીલા, તા.૪ ।

ફિલિપાઈન્સમાં મોડી રાતે ફરી ભયાનક ભૂકંપનો આંચકો આવ્યો હતો. તેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૮ મપાઈ હતી. જોકે કોઈ જાનહાનિના અહેવાલ હજુ સુધી સામે આવ્યા નથી. અમેરિકાની ભૂકંપ નિરીક્ષણ એજન્સીએ કહ્યું કે આ ભૂકંપ એક આફ્ટરશોક હોઈ શકે છે. અગાઉ બે દિવસમાં ફિલિપાઈન્સમાં અનેક ભૂકંપ આવ્યા હતા. આ ભૂકંપ



સવારે ૪ વાગ્યાથી ઠીક પહેલા મિંડાનાઓ ટાપુના હિનાટુઆન નગરપાલિકાથી લગભગ ૭૨ કિ.મી. ઉત્તર પૂર્વમાં ૩૦ કિ.મી. ઊંડેથી આવ્યું હતું. આ ઉપરાંત રવિવારે ૬.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને શનિવારે એ જ વિસ્તારમાં ૭.૬ની તીવ્રતાનો ભારે ભરખમ ભૂકંપ આવ્યો હતો. તેના પછી સુનામીની ચેતવણી જાહેર કરાઈ હતી. રિંગ ઓફ ફાયર એક એવો વિસ્તાર છે જેમાં અનેક દેશો આવેલા છે. આ વિસ્તારમાં ભૂકંપ આવતા રહે છે. રિંગ ઓફ ફાયરમાં અનેક દેશોની ટેક્ટોનિક પ્લેટ્સ એકબીજા પર ચઢી જાય છે. આ જ કારણે ભૂકંપ આવતા રહે છે. ફિલિપાઈન્સ પણ રિંગ ઓફ ફાયરમાં આવે છે.

# મહારાષ્ટ્ર કોંગ્રેસમાંથી વિધાનસભ્યો ભાજપમાં જોડાય એવી શક્યતાઓ

। મુંબઈ, તા.૪ ।

ત્રણ રાજ્યો મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપની શાનદાર જીતની મહારાષ્ટ્રના રાજકારણ પર દૂરગામી અસર પડશે અને આ જ કારણે મહાવિકાસ અઘાડીમાં ત્રણેય પક્ષોમાં અસ્વસ્થતા વધી છે. મહારાષ્ટ્રની વાત કરીએ તો અહીં શિવસેના-એનસીપી અને કોંગ્રેસની ગઠબંધન સરકાર તૂટી ગઈ હતી. શિવસેનાનું પણ વિભાજન થયું હતું અને મુખ્ય પ્રધાન શિંદે સહિત પક્ષના કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. એવી જ રીતે ગઠબંધન સરકારનો હિસ્સો રહેલા એનસીપીનું પણ વિભાજન થયું હતું અને પક્ષના કેટલાક નેતાઓએ ભાજપનું તરણું પકડી લીધું હતું. શિરપાવ



તરીકે અજીતદાદા પવારને નાયબ મુખ્ય પ્રધાનપદ પણ આપવામાં આવ્યું,પરંતુ કોંગ્રેસ પક્ષમાં કોઈ વિભાજન થયું ન હતું. પણ હવે કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ સ્વીકાર્યું છે કે આગામી દિવસોમાં કોંગ્રેસમાંથી વિધાન સભ્યોનું મોટું જૂથ ભાજપમાં જાય તો નવાઈ નહીં.

## તંત્રી લેખ...

# વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસને બહુમતીથી હરાવ્યું

મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણીઓ સંપન્ન થઈ અને આ પાંચ રાજ્યોનાં પરિણામો ભાજપ અને કોંગ્રેસ માટે ૨૦૨૪ લોકસભાની ચૂંટણીના પરિપ્રેક્ષ્યમાં અત્યંત મહત્વનાં બની ગયા છે. કોંગ્રેસ પોતાનો સ્કોર સુધારી શકી છે તેમાં ઈન્ડિયા ગઠબંધનમાં એની ભૂમિકા ચાવીરૂપ સાબિત થઈ છે. સામા પક્ષે ભાજપ પહેલી વખત કેપ્ટન અને ડબલ એન્જિનના ‘ટેગ’ વિના માત્ર વડાપ્રધાન મોદીના ચહેરા પર ચૂંટણી લડી છે ત્યારે એક બાબત સ્પષ્ટ છે કે વિધાસનભાની ચૂંટણીઓના પરિણામની અસર લોકસભા પર થાય તો સત્તાધારી અને વિપક્ષ બંનેની દિશા અને દશા આ પરિણામો પરથી બેશક સ્પષ્ટ થઈ જાય છે. કેટલાક એમ પણ કહે છે કે વિધાનસભાની ચૂંટણીઓનાં પરિણામો અનુસાર લોકસભાની ચૂંટણીમાં પેટર્ન જળવાય એ જરૂરી નથી. રાજસ્થાનની તાસીરએ છે કે છેલ્લા ત્રીસ વર્ષના ઈતિહાસમાં દર પાંચ વર્ષે સરકાર બદલાય છે. જો આ તર્ક આ ચૂંટણીમાં સાતત્ય સ્વરૂપ ધારણ કરે તો ભાજપની જીતવાની શક્યતાઓ અતિશય પ્રબળ જોવાય જ છે. રાજસ્થાનમાં મતદારોએ લોકસભામાં ભાજપને ૨૫માંથી ૨૫ બેઠકો આપી. પરંતુ ગત વિધાનસભાની ચૂંટણીમાં મહારાણી વસુંધરા રાજેએ મુખ્યમંત્રીપદ ગુમાવ્યું. ત્યારબાદ મહારાણી અને ભાજપના હાઈકમાન્ડ વચ્ચે શીતયુદ્ધ ચાલી રહ્યું છે. પરંતુ છેલ્લે છેલ્લે ઘીના ઠામમાં ઘી પડી ગયું. રાજસ્થાન કોંગ્રેસ પાર્ટીમાં મુખ્યમંત્રી અશોક ગેહલોત અને તેમના એક સમયના ડેપ્યુટી સચિન રાજેશ પાયલોટ વચ્ચે સત્તાની સાઠમારી છેલ્લાં પાંચ વર્ષમાં ઉડીને આંખે વળગતી રહી હતી. રાજસ્થાનમાં ગેહલોતે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી અને સરકારી તિજોરી ગરીબોના કલ્યાણ માટે લિટરલી ઠાલવી હોવા છતાં પ્રજા તેઓને પુનઃ ચૂંટશે કે કેમ એ શક્યતા માટે વિવાદ યથાવત રહ્યો. મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં કોંગ્રેસનું પલ્લું ભારે દેખાતું હતું. ૨૦૧૮માં મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સત્તા સ્થપાઈ હતી. અલબત્ત પાછળથી મધ્યપ્રદેશમાં જ્યોતિરાદિત્ય સિંધિયાએ પાટલી બદલી અને કમલનાથની કોંગ્રેસ સરકારનું પતન થયું, છતાં ૨૦૧૯ લોકસભાની ચૂંટણીમાં આ ત્રણેય રાજ્યોની કુલ ૬૫ લોકસભા બેઠકમાંથી ભાજપને ૬૨ બેઠકો મળી હતી. એ સમયે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને સાંપડેલો પરાજય લોકસભામાં પુનરાવર્તિત ન થયો, કારણ કે મતદારોનો નીરક્ષીર વિવેક પરફેક્ટ હોય છે. મધ્યપ્રદેશમાં ભાજપને નબળી વિકેટ પર હોવાની પ્રતીતિ થઈ ચૂકી હતી અને માટે જ શિવરાજસિંહ ચૌહાણને આરંભથી જ સાઈડલાઈન પર રાખવામાં આવ્યા.વડાપ્રધાન મોદી અને અમિત શાહની જાહેરસભાઓમાં અનેક વખત તેમની ગેરહાજરી સૂચક હતી. ખુદ શિવરાજસિંહ ચૌહાણની ટિકિટ પહેલી બે યાદીમાં જાહેર થઈ નહોતી. ખુદ શિવરાજસિંહ ચૌહાણે પોતે ભાવિ મુખ્યમંત્રીપદની હરિફાઈમાં નથી એવા સંકેતો પણ આપી દીધા અને મધ્યપ્રદેશની બહેનો પોતાના ભાઈ અને દીકરીઓ મામાને ‘મિસ‘ કરશે એવી ઈમોશનલ વાતો પણ જાહેરસભાઓમાં કરી, એ રીતે શિવરાજસિંહે મુખ્યમંત્રીપદ પામવાની આશા છોડી દીધી છે. સાથોસાથ મધ્યપ્રદેશ ભાજપમાં જૂથવાદ અને આંતરિક હુંસાતુંસી ચરમસીમાએ પહોંચી છે. જ્યોતિરાદિત્ય સિંધિયા કોંગ્રેસમાંથી બળવો કરીને ભાજપમાં આવીને કેન્દ્રીય મંત્રી બની ગયા. મધ્યપ્રદેશમાં એકંદરે ઘર ફૂટે ઘર જાય એવી સ્થિતિ સર્જાઈ હતી. ભાજપ તેલંગાણામાં સત્તાની હરિફાઈમાં દેખાતી જ નથી.

## પ્રાણી પ્રકૃતિ ઉપર ઉતરી આવેલ પરિવાર

એક પિતા-પુત્રના પારિવારિક અને બિઝનેસ સંબંધને દરેક ફિલ્મમાં ખુબ મેચ્યોરિટી સાથે બતાવવામાં આવે જ છે, પણ અહીંયા એનિમલ ફિલ્મ જોયા બાદ સૌને એમ જ થાય છે કે, ફિલ્મનું ટાઈટલ પરફેક્ટ છે, આ ફિલ્મ કોઈ માનવીય પરિવાર માટે નથી, પણ પ્રાણી પ્રકૃતિ ઉપર ઉતરી આવેલ પરિવારની છે ને એટલે દરેકનો અભિપ્રાય એનિમલ ફિલ્મ જોયા બાદ નિરાશાવાળો જ રહ્યો છે. અતિશય ટોક્સિક પારિવારિક સંબંધો જોઈ શકતા હોવ, ખતરનાક મારધાડ કાપકુપી વાળા હિંસક દ્રશ્યો ફાવતા હોય અને સાડા ત્રણ કલાક થિએટરમાં બેસી શકતા હોવ. તો એનિમલ જોવાય. બાળકો માટે બિલકુલ નથી. એક બે લીટીની સ્ટોરીને ડાયરેકટરએ પોતાની સ્ટાઈલમાં લોહીની ધારે લખી છે. રણબીરે કેરેક્ટર પરફેકટલી પકડયું છે. પેલી વ્હિસલ વાગતા જ થિએટરનો માહોલ ઈન્ટન્સ થઈ જાય છે. ઈન્ટરવલ પછી ખેંચાયેલી લાગી શકે. એનિમલ પછી બોબીની અલગથી ફેન ફોલોઈંગ થઈ જશે. આમાં એન્ટરટેઈનમેન્ટ નથી. મેન્ટલ ગેમ છે, કેરેક્ટરની માનસિક સ્થિતિ સાથે તમારે એની ક્રિયા પ્રતિક્રિયાઓ સમજી જાવ તો ફિલ્મ સમજી શકાશે..બાકી અતિશય ચીતરી ચડી શકે. એ સંજોગોમાં પણ પ્રેક્ષકોની લાગણી એનિમલ માટે ૧૧૫ કરોડની અને આર્મીમેન સેમબહાદુર માટે માત્ર ૧૫ કરોડની જ રહી એ વાત સૌ સમજદાર માટે ખુબ મોટુ આશ્ચર્ય છે. એનિમલ ફિલ્મના રીવ્યુ કરતાં વધારે રિજેક્સન માટે જય વસાવડા એ ખુબ સરસ માહિત આપતાં લખ્યું છે કે, શરાબી, જેમાં અમીર બાપ પાસે બચપણથી દીકરા માટે ટાઈમ નહોતો એટલે દીકરો આડી લાઈને ચડીને બળવાખોર થઈ જાય છે, અને બાપ સામેની ભડાસ આખા જગત માથે ઉતારે છે. અલબત્ત, શાયરીઓથી. એક હતું. યલગાર, જેમાં બિન્દાસ ને દબંગ એવો દીકરો બાપને બહુ પ્રેમ કરે છે, પણ કડક પિતા એને અશિસ્ત માટે બોલાવતા નથી એમાં અપરાધી બનીને ઝૂર્યા કરે છે. એક હતું. ગોડફાધર, જેમાં કોની કાર્લિયોનના પતિ કાર્લો રિઝઝીને ડોન માઈકલ કાર્લિયોન. એનિમલ બનાવનાર કોહેન બ્રધર્સના ને કોરિયન પિકચરો જોતા જોતા સંદીપ વાંગાએ આટલું યાદ કરી લખ્યું ને પછી એમને હિક્ હિક્. ચડી ગઈ એટલે વાત ફગી ગઈ. એનિમલ એ કબીર સિંહ થઈ શકત એવું મજબૂત પાત્રાલેખન છે, પણ વ્હાલમાં સાઉથ ઈન્ડિયન ચટણી સાથે વેર ભળી જતા કશુંક વિચિત્ર લોહિયાળ બની ગયું છે કે સવા ત્રણ કલાકની ફિલ્મ કરી તો પણ ખુલાસાથી ડાયરેકટર સાહેબનું પેટ સાફ નથી આવ્યું. રણબીર કપૂર માટે સીટી સીટી. સ્વેગ સાથે અભિનય બંનેમાં રણબીર કપૂર હુકમનો એક્કો છે. રશ્મિકા મંદાના મસ્ત રુપકડી લાગે છે એટલે શું બોલે છે એ સમજવામાં ધ્યાન નથી જતું પણ સુપર હોટ તો તૃપ્તિ ડિમરી લાગે છે. બીજા એક રિવ્યુંમાં ભગીરથ જોગીયા લખે છે કે, એનિમલના પ્રાણીજન્ય લખણ રણબીરને શોભે, પણ આ ફિલ્મને શોભે નહિ. એક હતો કબીરસિંહ. આક્રમક પણ સંવેદનશીલ અને પાગલપ્રેમી પુરુષ. પછી એ પૈસાદાર થયો ને પ્રેમિકાને બદલે પરિવાર માટે લડવા લાગ્યો. પણ થયું એવું કે આ મહાભારતમાં એ ઈમ્તિયાઝ અલીના રણબીરની જેમ ભાન ભૂલેલો અટવાય ગયેલો છોરો થઈ ગયો.

# સરળ, સહજ, સાલસ, સહનશીલ, શૂરવીર, સંવેદનશીલ, સંતોષી, સ્પષ્ટ, શ્રદ્ધાવાન, ક્ષમાવાન, અને શાંત હોય તેને જ સાધુ કહેવાય



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં સહ પરિવાર સાદર સષટાગ પ્રેમ પ્રણામ. પાંચ રાજ્યના ચૂંટણી નાં પરિણામ આવી ગયા અને રાજકીય પક્ષો અંદરોઅંદર અમારા નેતા તો સાધુ છે અથવા હતાં પણ આ રાજકીય રમતનો ભોગ બન્યા. છોડો આપણે ને રાજકરણ શું લેવા દેવા! પણ આપણી મા જ આપણી ગુરુ છે કે જે ખૂબ ઉચી પદવી ધરાવવા છતાં સાવ સામાન્ય રહે છે. મા અને સંતાનનો સંબંધ એવો છે કે એને વિશે જેટલું કહીએ એટલું ઓછું છે. જેમ સંતાન દુઃખી થાય ત્યારે એને સૌથી પહેલા એની મા યાદ આવે એમ મા પણ દુઃખી થાય ત્યારે એને પણ પોતાના સંતાનો જ યાદ આવે. પણ જીવનનો એક પડાવ એવો આવે કે જ્યારે સંતાન મોટા થાય અને એને પણ પોતાના પરિવાર શરૂ કરી દીધાં હોય, અને મા થી દૂર વસવાટ કરવાનું થાય, અને પાછાં એ તો પોતાનામાં વ્યસ્ત થઈ જાય, ત્યારે મા માટે બહુ કઠિન સમય આવે, અને ૠતુ ચક્ર અનુસાર પણ સ્ત્રીના જીવનમાં ત્યારે ઉત્સેચકો નું વધવું ઘટવું થતું હોય, એટલે શારીરિક અને માનસિક બંને રીતે એને સંતુલન કરવું ક્યારેક અઘરું પડે! અને એવાં કંઈક ઉતાર ચડાવ ને પસાર કરી સ્ત્રી પોતાના મનોભાવ ને સ્થિર રાખી શકે તો એ સ્ત્રી સાધુ ચરિત ધરાવે છે એમ કહી શકાય. સદગુરુ કૃપાથી જીવન સરિતા મમતા, સમતા, અને સમસ્તના ત્રિવિધ ઘાટે, અલગ-અલગ રોમાંચ અનુભવતી આગળ વધતી રહે છે. ડર, ભય, શોક, રોગ, આ જુદા-જુદા મનોભાવોને દરેક ખૂણેથી તપાસી રહી છે. પુજ્ય બાપુના કહેવા પ્રમાણે ભૂતકાળ શોક અપાવનાર, ભવિષ્ય ભય આપનાર, અને વર્તમાન અત્યારે રોગથી પીડિત છે. અત્યારના સમયનો સમાજ આધુનિકતાના વાયરસથી ગ્રસીત છે, એટલે ટૂંકમાં લગભગ બધા મનોરોગથી પીડીત છે. હા ક્યારેક માનવતાના ઉત્તમ મૂલ્યો, આપનારા ચરિત્ર પણ જોવા મળે છે. જે કોઈપણ સમયે કોઈને કોઈ રીતે મદદ કરવા માટે તત્પર છે. જ્યારે અમુક લોકો સંપૂર્ણપણે માનવતા ભૂલી જાય છે, અને સગાં માતાપિતા પણ એની માટે બોઝ રૂપ બને એવા લોકો જોવા મળે છે. આ બધું જ તટસ્થતાથી જોઈને, લોક માનસની માનસિકતાનો તાગ મેળવવાની કોશિશ કરાય છે. સાધુ ચરિત ધરાવતા લોકોની સમયસરની જાગૃતિને કારણે એમને ન શોક કરવા જેવી કોઈ ઘટના છે, ન ભય પમાડનારી અને વર્તમાન તો શ્યામના અમર પ્રેમથી રંગાયેલો હોય, બધું જ નિશ્ચિંત છે, અને સદગુરૂની કૃપા તો અપરંપાર છે જ.

હવે આજનું ચિંતન સાધુ શબ્દ પરનું છે. સામાન્ય રીતે સાધુ શબ્દ કાને પડતા જ આપણા માનસે એક ચિત્ર અંકિત થાય છે, જેમાં ભગવા વસ્ત્ર પહેરેલા હોય, હાથમાં કમંડળ હોય, ગળામાં રુદ્રાક્ષની માળા હોય, માથે જટા હોય તેવી વ્યક્તિ એટલે સાધુ.આને તો સાધુ કહેવાય પણ શું ફક્ત બાહ્ય દેખાવને અનુસરીને આપણે કોઈને સાધુ કહેવું પર્યાપ્ત છે. એમ તો રાવણ પણ સાધુનો વેશ પહેરીને જ આવ્યો હતો ને! એટલે બાહ્ય દેખાવ ને જોઈને કોઈને સાધુની પદવી આપવી તે યોગ્ય નથી. આપણે ઉપર જોયું તેમ સાધુ આમતો આંતરિક વૃત્તિઓને આધારે નક્કી થતાં હોય છે, અથવા તો સદ્ વૃત્તિને કારણે નક્કી થતું પદ છે. સાધુ કે સંત એ સમાજનું ઘરેણું છે, અને આવા બુદ્ધ પુરુષો ને કારણેજ સમાજ દીપી ઉઠે છે. સંસારમાં પ્રત્યક્ષ ન રહીને તે સંસારીઓ નું માર્ગદર્શન કરે છે.તો સાધુ એટલે જે ફક્ત ભગવા પહેરે તે નહીં,પણ જેણે વિષયી વૃત્તિ ઓને ભગવા પહેરાવી વૈરાગ્ય લીધો હોય તે, જેનું અંત કરણ ગંગા જેવું નિર્મળ ને પવિત્ર હોય તે,જે સર્વ જન હિતાય જ જીવતા હોય,લોક મંગલ સિવાય તેના મનમાં બીજો કોઈ વિચાર ન હોય.તેના શ્વાસ અને ઉચ્છવાસ બંનેમાં પ્રેમ જ હોય. તેના દ્વાર પર રાય રંકના ભેદ ન હોય, દુનિયા દેખતાં તે એકદમ સામાન્ય છે, પણ ભીતર તેણે બ્રહ્માંડનું નિર્માણ કરેલું હોય છે,જ્યાં અપરંપાર અજવાળા છે.અને અસ્તિત્વ તેના વચનને પુરું કરવા કટિબદ્ધ બંને છે. પ્રકૃતિના પાંચેય તત્વો જાણે તેની ઈચ્છાને અનુસરતા હોય તેવું લાગે છે.ઘણી વાર મોટી હાની ટળી જતાં આપણે નજરે જોઈ છે. દાખલા તરીકે વાવાઝોડા દરિયાથી ફંટાઈ ને જતા રહે, અતિવૃષ્ટિમાં જાનહાની ન થવી,તો દુષ્કાળમાં એટલો ભૂખમરો ન થવો, વગેરે કોઈ સાધુની રહેમ કે કૃપાનું કારણ હોય છે.સાધુની સીધી વ્યાખ્યા કરવી હોય તો!

જે સરળ છે, જે સહજ છે, જે સાલસ છે (નિખાલસ). જે સહનશીલ છે, જે શૂરવીર છે, જે સંવેદનશીલ છે. જે સંતોષી છે. જે સ્પષ્ટ છે. (પારદર્શક) જે શ્રદ્ધાવાન છે. જે ક્ષમાવાન છે. જે શાંત છે. બાપુ વારંવાર સાધુ ની વ્યાખ્યા કરતાં જ હોય છે કારણકે દેશકાળ એવો છે કે સાચા સાધુ મળવા મુશ્કેલ છે, અને જો ઠગ ભટકાઈ જાય તો જીવન બગાડી નાખશે, એટલે જ એ કથામાં એક ભજનની વાત કહે છે, “શાંતિ પમાડે તેને સંત કહીએ રે”સાધુ ના ગુણોની યાદી તો આનાથી પણ વધુ લાંબી થઈ શકે, એની માટે ફક્ત તેનો બાહ્ય દેખાવ જરૂરી નથી, એ પેન્ટ શર્ટમાં પણ સાધુ થઈ શકે, સાડીમા પણ સાધુ વૃતિ ધરાવી શકે, અને સૌથી મહત્વની વાત તે સૌને સ્વીકારી સ્નેહ સેતુ બાંધે છે. તેની માટે પોતાનાની વ્યાખ્યામાં પરિવાર નહીં વસુધૈવ કુટુંબ આવી જતું હોય છે. હાલતું ચાલતું જાણે કે સદ વિચાર અને સદ વૃત્તિનું ઠેકાણું હોય છે.તે ઈશ્વર સન્મુખ હોય છે,તો ક્યારેક ઈશ્વર સ્વરૂપ પણ લાગે છે.આપણને તેના દર્શન કરતાં સાક્ષાત્કાર થયાની અનુભૂતિ થાય છે.તે સૌને પોતાના પ્રભાવથી નહીં, પણ સ્વભાવથી વશ કરે છે.જીવનના હર મોડ પર તે આપણી સાથે જ છે, તેવો અહેસાસ થાય છે.અને આવા સાધુ પુરુષથી ભારતીય સંસ્કૃતિ લબોલબ ભરેલી છે, એટલે આજ સુધી તેની બોલબાલા છે.

તો સાધુ એટલે ફક્ત ભગવો વેશ પરિધાન કરી, ગિરનાર કે હિમાલયની ગિરી કંદરામાં સંસાર છોડીને ભ્રમણ કરતા દેખાય તે માત્ર નહીં! પણ આપણા જ સમાજનું જે એક અભિન્ન અંગ બની, સતત આપણી સાથે ચાલે અને સત્ય પ્રેમ ને કરુણાની રાહ પર ચાલવા માર્ગદર્શન આપે. કારણ કે એ ફક્ત શબ્દ વિલાસ નથી પણ સદગુરુ નો પ્રસાદ છે,જે ઈશ ની અનુકંપા થી મારે ભાણે આવ્યો છે, અને એને હું હું બસ આ રીતે સર્વ માં બાટી રહી છું.અહી લેશમાત્ર અહમ નથી માત્ર પ્રેમ પ્રેમ ને પ્રેમ જ છે. આપણી આસપાસ વસતા લોકોમાંથી જ આવાં કોઈ સાધુ ચરિત્રને ચરણે રહેવાનો આપણને સૌને મોકો મળે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને વિરામ આપું છું. તો ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, જીવન સરિતાના નવા ઘાટે સ્નાન કરવા. સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# કાલ ભૈરવ જયંતિ કાલાષ્ટમીના દિવસે કાળ ભૈરવની પૂજા કરવાથી નકારાત્મક શક્તિઓ દૂર રહેશે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા





હિન્દુ ધર્મમાં કૃષ્ણ પક્ષની અષ્ટમીની તિથિને કાલ ભૈરવને સમર્પિત ગણવામાં આવી છે. તેથી આ અષ્ટમીને કાલાષ્ટમી પણ કહેવાય છે. દર મહિને આવતી અષ્ટમીને માસિક અષ્ટમી કહેવાય છે.પરંતુ બધી જ કાલાષ્ટમીમાં સૌથી વિશેષ હોય છે કાલ ભૈરવ જયંતિ. આ દિવસે કાલ ભૈરવ બાબા અવતારિત થયા હતા તંત્ર સાધનામાં કાલભૈરવનું વિશેષ સ્થાન છે. કહે વાય છે કે જે વ્યક્તિ પર કાલ ભૈરવની કૃપા હોય છે તેના પર ક્યારેય કોઈ સંકટ આવતું નથી અને મોટામાં મોટા શત્રુ પણ તેનું કંઈ બગાડી શકતા નથી. તેથી જે લોકો પોતાના શત્રુ પર વિજય પ્રાપ્ત કરવા માંગે છે તેમને કાલ ભૈરવ જયંતીના દિવસે કેટલાક ઉપાય કરવા જોઈએ. કાલભૈરવ જયંતિના દિવસે કરેલા આ કાલ ભૈરવ જયંતિ પર,કાલ ભૈરવની પૂજા નિયમ પ્રમાણે કરવામાં આવે છે. દર વર્ષે માર્ગશીર્ષ મહિનામાં કૃષ્ણ પક્ષની અષ્ટમીના દિવસે કાલ ભૈરવ જયંતિનો પવિત્ર તહેવાર ઉજવવામાં આવે છે. ધાર્મિક કથાઓ અનુસાર આ દિવસે ભગવાન શિવે કાલ ભૈરવ નો અવતાર લીધો હતો.આ પવિત્ર દિવસે કાલ ભૈરવના અવતારની કથાનો પાઠ કરવો શુભ માનવામાં આવે છે.શિવ મહાપુરાણમાં વર્ણવેલ ભગવાન બ્રહ્મા અને ભગવાન વિષ્ણુ વચ્ચેના સંવાદમાં ભૈરવની ઉત્પત્તિ સંબંધિત ઉલ્લેખ છે. એકવાર ભગવાન વિષ્ણુએ બ્રહ્માજીને પૂછ્યું કે આ સૃષ્ટિનો શ્રેષ્ઠ સર્જક કોણ છે? આ પ્રશ્નના જવાબમાં બ્રહ્માજીએ પોતાને શ્રેષ્ઠ ગણાવ્યા. બ્રહ્માનો જવાબ સાંભળ્યા પછી, ભગવાન વિષ્ણુ તેમના શબ્દોમાં રહેલા અહંકાર અને અતિશય આત્મવિશ્વાસથી ગુસ્સે થયા અને તેઓ સાથે મળી ને તેમના પ્રશ્નોના જવાબ મેળવવા માટે ચાર વેદ પાસે ગયા. સૌ પ્રથમ તે ઋગ્વેદ પાસે ગયા.જ્યારે ઋગ્વેદે તેનો જવાબ સાંભળ્યો,ત્યારે તેણે કહ્યું કે “શિવ શ્રેષ્ઠ છે, તે સર્વ શક્તિમાન છે અને તમામ જીવો તેમનામાં સમાયેલ છે”.જ્યારે યજુર્વેદને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેણે જવાબ આપ્યો “જેની આપણે યજ્ઞો દ્વારા પૂજા કરીએ છીએ તે શ્રેષ્ઠ છે અને તે શિવ સિવાય બીજું કોઈ હોઈ શકે નહીં”. સામવેદે જવાબ આપ્યો, “જેની વિવિધ સાધકો અને યોગીઓ ઉપાસના કરે છે તે શ્રેષ્ઠ છે અને જે સમગ્ર વિશ્વને નિયંત્રિત કરે છે તે ત્ર્યંબકમ એટલે કે શિવ છે”. અથર્વવેદમાં કહ્યું છે કે, “જે ભક્તિ માર્ગ પર ચાલીને મળી શકે, જે મનુષ્યના જીવનને પાપમાંથી મુક્ત કરે છે, મનુષ્યની બધી ચિંતાઓ દૂર કરે છે, તે શંકર શ્રેષ્ઠ છે ચાર વેદોના જવાબો સાંભળ્યા પછી પણ ભગવાન વિષ્ણુ અને બ્રહ્માનો અહંકાર શાંત ન થયો અને તેઓ તેમના જવાબો પર જોરથી હસવા લાગ્યા, એટલામાં જ ત્યાં દિવ્ય પ્રકાશના રૂપમાં મહાદેવ પધાર્યા. શિવને જોઈને બ્રહ્માનું પાંચમું મસ્તક ક્રોધની આગમાં સળગવા લાગ્યું તે જ સમયે ભગવાન શિવે પોતાનો અવતાર બનાવ્યો અને તેનું નામ ‘કાલ’ રાખ્યું અને કહ્યું કે આ કાલનો રાજા છે એટલે કે મૃત્યુ તે કાલ અથવા મૃત્યુનો રાજા અન્ય કોઈ નહીં પણ ભૈરવ હતો, જે શિવનો અવતાર હતો. ભૈરવે બ્રહ્માના ક્રોધથી બળતું માથું ધડથી કાપીનાખ્યું આના પર ભગવાન શિવે ભૈરવને તમામ તીર્થ સ્થાનો પર જવા કહ્યું જેથી કરીને તે બ્રહ્માની હત્યાના પાપમાંથી મુક્ત થઈ શકે.ભૈરવના હાથમાંથી બ્રહ્મા નું માથું પડી ગયું. કાશીમાં જ્યાં બ્રહ્માનું કપાયેલું મસ્તક પડ્યું તે સ્થાનને કપાલ મોચન તીર્થ કહેવામાં આવે છે. તે દિવસથી અત્યાર સુધી કાલ ભૈરવ કાયમ માટે કાશીમાં રહે છે. એવું માનવા માં આવે છે કે જે કોઈ કાશીની યાત્રા માટે જાય છે અથવા ત્યાં રોકાય છે તે કપાલ મોચન તીર્થની મુલાકાત લે છે. આથી મધ્યરાત્રિએ કાલ ભૈરવની પૂજા કરવી ખૂબ જ શુભ માનવા માં આવે છે. ઘરમાં રહેતા લોકોએ નિશિતા કાળમાં તેલનો દીવો પ્રગટાવીને ઘરમાં કોઈ પવિત્ર સ્થાન પર કાલ ભૈરવનું ધ્યાન કરવું જોઈએ અને શ્રી ભૈરવ ચાલીસા નો પાઠ કરવો જોઈએ. ભગવાન ભૈરવના આઠ સ્વરૂપો આ મુજબ છે, ભૈરવની પૂજા બટુક ભૈરવ અને કાલ ભૈરવના રૂપમાં પ્રચલિત છે, પરંતુ તંત્ર સાધનામાં ભૈરવના આઠ સ્વરૂપોનું વર્ણન કરવામાં આવ્યું છે. બટુક ભૈરવ તેમના ભક્તોને નિર્ભયતા આપે છે અને તેમના સૌમ્ય દેખાવ માટે જાણીતા છે. જ્યારે કાલ ભૈરવ તમામ પ્રકારની નકારાત્મક શક્તિઓનો નાશ કરે છે. ભૈરવના આઠ સ્વરૂપો છે. ભીષણ ભૈરવ, ચંદ્ર ભૈરવ, ક્રોધ ભૈરવ, રુદ્ર ભૈરવ,અસિતંગ ભૈરવ, સંહર ભૈરવ, કપાલી ભૈરવ, ઉન્મત્ત ભૈરવ. ભગવાન ભૈરવને ભગવાન શિવ અને દેવી પાર્વતીનાઅનુયાયી માનવામાં આવે છે અને તેઓ હંમેશા તેમના ભક્તોને ભૂત, તંત્ર- મંત્ર, નકારાત્મક શક્તિઓ ઉપરના અવરોધો વગેરે જેવી સમસ્યા ઓથી બચાવે છે. ભગવાન કાલ ભૈરવની પૂજા કરવાથી ગ્રહોના અવરોધો દૂર થાય છે અને શત્રુ ઓનો નાશ થાય છે. કાલ ભૈરવા ષ્ટમીના દિવસે ભગવાન કાલ ભૈરવની પૂજા કરવાથી તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે અને તેમના આશીર્વાદથી જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે છે. વાચક ચાહક મિત્રો આજે મંગળવારે કાલભૈરવ જયંતીના દિવસે મુસીબતમાંથી છુટકારો મેળવવા તથા રક્ષા મેળવવા માટે કાલભૈરવ દાદા ની પૂજા ઉત્તમ ફળદાયક ગણાય છે. આજે કારતક વદ આઠમને તા. ૫ ડિસેમ્બર ૨૦૨૩ને મંગળવારે કાલભૈરવ જયંતી છે શિવ રહસ્યમાં કહેવા પ્રમાણે નિત્ય યાત્રા વગેરે કર્યા પછી મધ્યાહન નો સમય થયો ત્યારે બ્રહ્માએ શંકરનો અનાદર કર્યો ત્યારે ઉગ્રરૂપ વાળામાંથી કાલભૈરવ પ્રગટ થયા શિવરહસ્યમાં જણાવ્યા પ્રમાણે કાલભૈરવની ઉત્પતિ મધ્યાહન સમયે થયેલી છે.ભૈરવ દાદાનું પૂજન કઈ રીતના કાલ ભૈરવ જયંતીના દિવસે કાલ ભૈરવ દાદાનું પૂજન કરવાથી આખુ વર્ષ વિધ્ધનો નથી આવતાં આ દિવસે પિતૃતર્પણ કરવું તથા તિર્થમાં સ્નાન કરવું પણ ઉત્તમ છે. આ દિવસે પિતૃ તર્પણ કરવાથી બધા જ પિતૃઓને નર્કમાંથી મુક્તિ મળે છે. કાલ ભૈરવની પુજા નું મહત્વ રાત્રીનુ વધારે છે. નારદ પુરાણ પ્રમાણે કાલ ભૈરવની પુજા કરવાથી બધી જ મનોકામનાં પૂર્ણ થાય છે. અને બીમારીઓ દૂર થાય છે. કાલ-ભૈરવ જયંતીના દિવસે વેલા ઉઠીઅને સ્નાન કરી ત્યાર બાદ સવારે મહાદેવજીનું પૂજન કરવું અને રાત્રે ધૂપ કાળા તલના તેલનો દિવો અથવા સરસવના તેલનો દીવો કરીને અડદ ચડાવી કાલ ભૈરવ પુજન કરવું નૈવેધમાં ગાંઠીયા ધરાવા અને આ દિવસે કાળા કૂતરાને રોટલી નાખવી. તે ઉપરાંત કાલ ભૈરવ ને ધરાવી શકાઈ છે, આમ આ કાલ ભૈરવ દાદા અડદની દાળ ના ગોળના લાડુ.ગાઠીયાની આ સાત્વિક પૂજા છે. ભૈરવ એટલે શંકર ભગવાનનું જ એક સ્વરૂપ છે કોઈપણ પૂજાની શરૂઆતમાં કાલ ભૈરવ દાદાનું ધ્યાનનો શ્લોક બોલવામાં આવે છે અને કાલભૈરવ મહાદેવજીના ગણ છે જે કળયુગમાં તુરત ફળદાઈ છે. એક પૈરાણીક કથા પ્રમાણે એક વખતે વિષ્ણુ ભગવાન અને મહાદેવજી અને બ્રહ્માજી વચ્ચે વિવાદ થયો કે સૌથી શ્રેષ્ઠ કોણ છે.બધા જ દેવી દેવતાઓની સભા બોલાવી અને સાથે ઋષિમુનિઓ ને પણ બોલાવેલ અને ત્યારબાદ બધા જ દેવી દેવતા અને ઋષિમુનિઓ એ એક મત થઈ અને કહ્યું મહાદેવજી સર્વશ્રેષ્ઠ છે તેમા વિષ્ણુ ભગવાન અને મહાદેવજી સહમત થયા પરંતુ બ્રહ્માજી સહમત ન થયા અને બ્રહ્માજીના ચાર મુખ માથી એક મુખ મહાદેવજીનું અપમાન કરવા લાગ્યું આથી મહાદેવજી માથી ભયંકર રૂપવાળા કાલ ભૈરવની ઉત્પતી થઈ. કાલભૈરવ દાદા કાળા કુતરા પર સવાર થઈ અને દંડ દ્વારા બહ્માજી ના એ માથાનુ છેદન કર્યું આમ કાલ ભૈરવ ઉપર બ્રહ્મ હત્યાનું પાપ લાગ્યું ત્યારબાદ કાલભૈરવ દાદા કાશી પહોંચ્યા અને ત્યાં તેમણે પાપ માંથી મુક્તિ મળી ભગવાન કાલ ભૈરવને મહાકાલેશ્વર દંડાધિપતિ પણ કહેવાય છે. કાલભૈરવ દાદાની પૂજા કરવાથી જીવનમાં બધી જ રીતે રક્ષા મળે છે.



# સોશિયલ મીડિયા પર શરૂ થયુ, ટીવીના પોપ્યુલર સિટકોમ શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્માને' બોયકોટ કરો

। મુંબઈ, તા.૪ ।

ટીવીના પોપ્યુલર સિટકોમ શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' વર્ષોથી લોકો માટે નંબર વન બની રહ્યો છે. શો છેલ્લા ઘણાં સમયથી વિવાદોમાં આ શો ચાલી રહ્યો છે. જો કે ઘણાં મોટા કલાકારો અને શો છોડ્યા પછી મેકર્સ પર ગંભીર આરોપ લગાવ્યા. આ વચ્ચે દયાબેનના પાછા ફરવાની વાત પર લોકો ગુસ્સે ભરાયા છે. વાત એમ હતી કે જલદી જલદી શોમાં દયા બેન પાછા આવશે. તારક મહેતાના ઉલ્ટા ચશ્માના મેકર્સે ફેન્સ અને ઓડિયન્સને જોતા છેલ્લા ઘણાં એપિસોડથી દયાબેનની એન્ટ્રી થશે એ વિશેની કહાની જોડાયેલી છે. દયાબેનના સ્વાગતની તૈયારીઓ માત્ર ગડા ફેમિલીથી નહીં, પરંતુ ગોકુલધામ કરતી જોવા મળી, હવે અપકમિંગ એપિસોડના પ્રોમોમાં દેખાડવામાં આવ્યુ છે કે કોઈ પણ કારણોસર દયાબેન પાછા ફરી શક્યા નથી.

પરંતુ હવે અપકમિંગ એપિસોડના પ્રોમોમાં દેખાડવામાં આવ્યુ છે કે કોઈ પણ કારણોસર દયાબેન પાછા ફરી શક્યા નથી. દયાબેનની આવવાની ખબર ખૂબ સુંદર સંભળાય છે, જેનાથી જેઠાલાલ અને ટપ્પુની સાથે-સાથે ગોકુલધામ સોસાયટીના બધા લોકો ગુસ્સે થઈ ગયા છે.




મેકર્સની આ ટ્રિક્સ ઓડિયન્સ અને ફેન્સને પણ પસંદ પડી નથી. દયાબેનના કમબેક ના થવા પર અને પૂરી ભૂમિકા બનાવવા માટે ફેન્સ ખૂબ ગુસ્સે થઈ ગયા છે. એક્સ પર તારક મહેતાને ઉલ્ટા ચશ્માને બોયકોટ ટ્રેન્ડ શરૂ થઈ ગયુ છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્માને બોયકોટ કરતા એક યુઝર્સે પ્રોડ્યુસર અસિત કુમાર મોદીને આડે હાથે લીધા છે. આ સાથે એક યુઝર્સે લખ્યુ કે અસિત કુમાર મોદી એના વ્યુઅર્સનું દિલ તોડીને તમે ખુશ થઈ જશો અને નવો એપિસોડ જોવા માટેનું કોઈ કારણ નથી. અમે સમજીએ છીએ કે તમે શું કરવા ઈચ્છો છો, તમને શરમ આવવી જોઈએ. આ સાથે એક યુઝર્સે લખ્યુ છે કે બોયકોટ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માપફેન્સનું દિલ તોડીને ખુશ થઈ ગયા. હવે બંધ કરો. આટલું જ નહીં જ્યારે બીજા યુઝર્સે લખ્યુ કે બોયકોટ તારક મહેતા, કુછ લિખને કા મન નહીં કર રહા હે, બસ ઈતના હી કી દિલ તોડ દિયા. આમ દયાબેનને પાછા ફરવાની વાતને લઈને હાલમાં લોકો જોરદાર ગુસ્સે થયા છે.



# હું ટ્રોલિંગ સામે સારી રીતે ટકી શકતી નથી, બેકાર કમેન્ટ્સે મને ઘણું બધુ શીખવાડ્યુ છે

। મુંબઈ, તા.૪ ।

શાહરુખ અને ગૌરી ખાનની લાડલી સુહાના ખાન જલદી નેટફ્લિક્સ પર અપકમિંગ ફિલ્મ ધ આર્ચીઝથી બોલિવૂડમાં એન્ટ્રી કરશે. જોયા અખ્તર ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મમાં સુહાનાની સાથે-સાથે બોની કપૂરની દીકરી ખુશી કપૂર અને અગસ્ત્ય નંદા પણ જોવા મળશે. ધ આર્ચીઝ ૭ ડિસેમ્બરના રોજ રિલીઝ થશે. આ વચ્ચે ફિલ્મની રિલીઝ પહેલાં કિંગ ખાનની દીકરીનો એક ઈન્ટરવ્યુ હાલમાં સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે જેમાં સુહાના જણાવે છે કે એ સોશિયલ મિડીયામાં ટ્રોલ થાય ત્યારે કેવી રીતે ડીલ કરે છે. સામાન્ય રીતે તમે એ વાત તો જાણતા હશો કે સોશિયલ મિડીયામાં કોઈને કોઈ રીતે સ્ટાર તેમજ સ્ટારકિડ ટ્રોલિંગનો શિકાર બનતા હોય છે. આ લિસ્ટમાં શાહરુખ ખાનની દીકરીનું નામ પણ શામેલ છે, જે મોટાભાગે ટ્રોલ થતી રહેતી હોય છે. સુહાના ખાન સોશિયલ મિડીયામાં ખૂબ એક્ટિવ સ્ટારકિડ્સમાંથી એક છે. આમ ટ્રોલ થવા બાબતે સુહાના ખાને રિએક્શન આપતા જણાવ્યુ કે, સચ કહૂં તો મૈ ટ્રોલિંગ સે અચ્છી તરહ સે નહીં નિપટ પાતી હૂં. આ સાથે સુહાના વધુમાં જણાવે છે કે બેકાર કમેન્ટ્સે મને ઘણું બધુ શીખવાડ્યુ છે. શાહરુખની લાડલી સામાન્ય રીતે પોતાની તસવીરો અને વિડીયો સોશિયલ મિડીયામાં પોસ્ટ કરતી રહેતી હોય છે. ઉલ્લેખનીય છે કે શાહરુખ ખાનની દીકરી સુહાના ખાન ભલે બોલિવૂડમાં પગ ના મુક્યો હોય, પરંતુ હંમેશા કોઈને કોઈ કારણોસર ચર્ચામાં રહેતી હોય છે. આ દિવસોમાં સુહાનાની તસવીરો અને વિડીયો સોશિયલ મિડીયામાં ધૂમ મચાવે છે. શાહરુખની લાડલી કોઈ પણ પાર્ટીમાં તેમજ ઈવેન્ટમાં એકદમ હટકે સ્ટાઈલમાં નજરે પડતી હોય છે. ક્યારેક કુલ તો ક્યારેક હોટ તસવીરોને લઈને વાયરલ થતી હોય છે. આમ કોઈને સુહાનાનો હોટ લુક ગમે છે તો કોઈ સુપર કુલ લુક પર ફિદા થઈ જાય છે. સુહાના ખાનના સોશિયલ મિડીયામાં ૪.૪૨ ફોલોઅર્સ છે, જ્યારે સુહાનાની કોઈ પણ તસવીર સામે આવે છે ત્યારે એ ઝડપથી વાયરલ થઈ જાય છે. જો કે હાલમાં સુહાનાને લોકો મોટા પડદા પર જોવા માટેની રાહ જોઈ રહ્યા છે.



# અભિનેતા અલ્લુ અર્જુન પુષ્પા-૨ના સેટ પર ઘાયલ

। મુંબઈ, તા.૪ ।

સાઉથનો સ્ટાઈલિશ સ્ટાર અલ્લુ અર્જુન આ દિવસોમાં તેની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'પુષ્પા ૨-ધ રૂલ'ના શૂટિંગમાં વ્યસ્ત છે. આ દરમિયાન, અભિનેતા વિશે એક મોટા સમાચાર સામે આવ્યા છે, જે સાંભળીને તેના ચાહકો નિરાશ થઈ શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે ફિલ્મનું શૂટિંગ હાલ પૂરતું સ્થગિત કરી દેવામાં આવ્યું છે. વાસ્તવમાં, અલ્લુ અર્જુન ફિલ્મની એક મહત્વપૂર્ણ સિક્વન્સના શૂટિંગ દરમિયાન ઘાયલ થયો હતો. આ કારણે મેકર્સે શૂટિંગ થોડા દિવસો માટે સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. અલ્લુ અર્જુનની ટીમે આ માહિતી આપી છે. અહેવાલો અનુસાર, અલ્લુ અર્જુનને ફાઈટ સિક્વન્સના શૂટિંગ દરમિયાન પીઠમાં ગંભીર ઈજા થઈ હતી. આ કારણે ડોક્ટરોએ તેને હાલ આરામ કરવાની સલાહ આપી છે. હવે ફિલ્મનું શૂટિંગ ડિસેમ્બરના બીજા સપ્તાહથી શરૂ થશે. ફિલ્મ પુષ્પા ૨-ધ રૂલ આવતા વર્ષે ૧૫ ઓગસ્ટે સિનેમાઘરોમાં આવશે. આ ફિલ્મને લઈને દર્શકોમાં જબરદસ્ત ક્રેઝ જોવા મળ્યો હતો. ચાહકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે પુષ્પાની આ ફિલ્મનો પહેલો ભાગ બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર સાબિત થયો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. આવી સ્થિતિમાં અલ્લુ અર્જુનની આ ફિલ્મ પાસેથી ઘણી અપેક્ષાઓ છે.

# બોબી દેઓલે થિએટરમાં નીચે બેસીને જોઇ હતી એનિમલ મૂવી



। મુંબઈ, તા.૪ ।


વર્ષ ૨૦૨૩ની મોસ્ટ અવેટેડ ફિલ્મોમાંથી એક બોલિવૂડ એક્ટર રણબીર કપૂર અને બોબી દેઓલ સ્ટારર એનિમલ ૧ ડિસેમ્બરના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થઈ ગઈ છે. ફિલ્મને લઈને લોકોમાં ખૂબ ક્રેઝ જોવા મળી રહ્યો છે. ફિલ્મના શો હાલમાં હાઉસફૂલ જઈ રહ્યા છે. ફિલ્મ બોક્સ ઓફિસ કલેક્શનના મામલે નવો એક રેકોર્ડ બનાવ્યો છે. એનિમલ મુવીને લઈને બીજા દિવસે પણ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રણબીરની જેમ સની દેઓલના ભાઈ બોબી દેઓલની પણ એક્ટિંગ જોરદાર છે. એવામાં ફિલ્મમાં એની ભૂમિકાને લઈને ફેન્સ ખૂબ ખુશ થઈ ગયા છે. બોબી દેઓલે ઈન્સ્ટા પર એની કેટલીક તસવીરો શેર કરીને ફેન્સને ફિદા કરી દીધા છે. બોબી દેઓલે એના ઈન્સ્ટગ્રામ પર જે પહેલી તસવીર શેર કરી છે એમાં થિએટરમાં ફર્શ પર બેસીને ફિલ્મ એનિમલ જોઈને નજરે પડી રહ્યો છે.

જ્યારે બીજી તસવીરમાં બોબી મિડીયાના કર્મીઓને પોઝ આપતા જોવા મળી રહ્યો છે. એક્ટરે ફેન્સનું દિલ જીતી લીધુ છે. બોબીએ આ ફોટામાં શેર કરીને કેપ્શનમાં લખ્યુ છે કે.. મુઝે મિલને વાલે સભી પ્યાર ઔર સરાહના કે લિએ આભારી હૂં..ઈએનિમલ, આજ હી ફિલ્મ દેખને જાવે. આ સિવાય બોબી દેઓલનો એક વિડીયો પણ સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે, જેમાં ફેન્સનો પ્રેમ જોઈને ખૂબ ભાવુક થઈ રહ્યો છે. સામે આવેલા આ વિડીયોમાં તમે જોઈ શકો છે કેવી રીતે બોબી દેઓલ એના ફેન્સની દીવાનગી જોઈને ભાવુક થઈ જાય છે અને આંખમાં આસું આવવા પર કંટ્રોલ કરી શક્યા નહીં. જો કે આ વિડીયોમાં હાલમાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. રણબીર કપૂરની ફિલ્મ તૂ ઝૂઠી મેં મક્કાર અને બ્રહ્માસ્ત્ર એ પણ બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કર્યો હતો. એનિમલ મુવીની એડવાન્સ બુકિંગથી રણબીર કપૂરે તૂ ઝૂઠી મેં મક્કારની એડવાન્સ બુકિંગનો રેકોર્ડ બ્રેક કરી દીધો છે.

## ધર્મેન્દ્ર, ઋષિ કપૂર, સંજય દત્ત પોતપોતાના સમયના સુપરસ્ટાર રહ્યા છે, ઋષિ કપૂર હવે આપણી વચ્ચે નથી રહ્યા

# ૩ દાયકાના ૩ સુપરસ્ટાર જ્યારે આવ્યા એકસાથે







। મુંબઈ, તા.૪ ।

ધર્મેન્દ્ર, ઋષિ-કપૂર, સંજય દત્ત પોતપોતાના સમયના સુપરસ્ટાર રહ્યા છે. ઋષિ કપૂર હવે આપણી વચ્ચે નથી રહ્યા પરંતુ, તેમની ફિલ્મો આજે પણ દર્શકો પર રાજ કરે છે. ૮૭ વર્ષના ધર્મેન્દ્ર હવે ખૂબ જ ઓછી ફિલ્મો કરે છે પરંતુ તેમનું નામ આજે પણ માર્કેટમાં એટલું જ ચાલે છે. ઠીક એવું જ સ્ટારડમ ૬૪ વર્ષના સંજય દત્ત સાથે પણ છે. જોકે, સંજય દત્ત આજે પણ હિન્દી સિનેમાથી લઈને સાઉથ સિનેમામાં ખૂબ જ એક્ટિવ છે. જણાવી દઈએ કે, ધર્મેન્દ્રએ વર્ષ ૧૯૬૦માં રિલીઝ થયેલી ફિલ્મ 'દિલ ભી તેરા હમ ભી તેરે'થી બોલિવૂડમાં પગ મુક્યો હતો. ઋષિ કપૂરે ભલે ચાઈલ્ડ એક્ટર તરીકે 'મેરા નામ જોકર'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હોય. પરંતુ, એક્ટર તરીકે તેઓએ વર્ષ ૧૯૭૩માં આવેલી ફિલ્મ 'બૉબી'થી પોતાના કરિયરની શરુઆત કરી હતી.

વળી, સંજય પહેલીવાર ચાઈલ્ડ આર્ટિસ્ટ ફિલ્મ 'રેશમા ઔર શેરા' (૧૯૭૧)માં જોવા મળ્યો હતો. જોકે, એક્ટરની પહેલી ફિલ્મ ૧૦ વર્ષ બાદ ૧૯૮૧માં આવી હતી 'રૉકી'. આ ત્રણે દિગ્ગજોએ અલગ-અલગ પીરિયડમાં લાંબા સમય સુધી દર્શકો પર રાજ કર્યું હતું. આ બંનેને એક સાથે કાસ્ટ કરવું ખૂબ જ મુશ્કેલ હતું. પરંતુ, ડિરેક્ટર જેપી દત્તા આ ત્રણેય સુપરસ્ટાર્સને એક સાથે લઈને મોટું રિસ્ક લીધું અને તે પોતાના પ્લાનમાં સફળ પણ સાબિત થયાં. ધર્મેન્દ્ર-ઋષિ કપૂર અને સંજય દત્ત પહેલીવાર ફિલ્મ 'હથિયાર'માં એકસાથે જોવા મળ્યા હતાં. આ ફિલ્મ ૧૦ માર્ચ વર્ષ ૧૯૮૯માં રિલીઝ થઈ હતી. આ ત્રણેય સ્ટાર્સની એક સાથે આવેલી એકમાત્ર ફિલ્મ હતી. આ એક એક્શન ડ્રામા ફિલ્મ હતી, જેમાં ધર્મેન્દ્ર- ઋષિ સંજય દત્તની સિવાય અમૃતા સિંહ, સંગીતા બિજાની, આશા પારેખ, પરેશ રાવલ અને કુલભૂષણ ખરબંદા જેવા કલાકાર પણ સામેલ હતાં. ફિલ્મમાં શાનદાર એક્ટિંગ કરવા માટે ધર્મેન્દ્ર અને સંજય દત્તના ખૂબ જ વખાણ પણ થયા હતાં. આ ફિલ્મ બંનેના શાનદાર રોલ અને અભિનયમાંની એક છે. આ ફિલ્મની શૂટિંગ સન ૧૯૮૬થી શરુ થઈ હતી. પરંતુ, કોઈને કોઈ કારણોસર આ ફિલ્મ ડિલે થઈ રહી હતી અને બાદમાં સન ૧૯૮૯માં જઈને રિલીઝ થઈ હતી. આઈએમડીબીની રિપોર્ટ અનુસાર, ફિલ્મના નામે એક મોટો ઈતિહાસ નોંધાયો છે. આ બોલિવૂડની પહેલી ફિલ્મ છે જેમાં પહેલીવાર અસલી AK 47 બંદૂકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, કેના પહેલા રબરની બંદૂકોનો ઉપયોગ કરવામાં આવતો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મ ૩.૧૦ કરોડના બજેટમાં બની હતી. ફિલ્મને ભારતી બોક્સ ઓફિસ પર ૬ કરોડથી વધારે કમાણી કરી હતી. જ્યારે તેનું વર્લ્ડવાઈડ કલેક્શન ૮ કરોડની આસપાસ હતું.

# રણદીપ અને લીનના લગ્નનો વિડીયો, ફોટોગ્રાફરે શેર કર્યો



। મુંબઈ, તા.૪ ।

હાઈવે ફેમ એક્ટર રણદીપ હુડ્ડા અને એક્ટ્રેસ લીન લેશરામ લગ્નના બંધનમાં બંધાઈ ગયા છે. બન્નેએ એમના પરિવાર સાથે મળીને એક પ્રાઈવેટ સેરેમનીમાં લગ્ન કર્યા છે. રણદીપ હુડ્ડા અને એક્ટ્રેસ લીન લેશરામે બોલિવૂડ લગ્નોમાંથી બિલકુલ અલગ અંદાજમાં મણિપુરના મૈતેઈ સમુદાયના પારંપારિક રીતે લગ્ન કર્યા. હાલમાં લગ્નનો એક અનસીન વિડીયો સામે આવ્યો છે જેમાં મણિપુરી રિવાજની ઝલક બતાવવામાં આવી છે. રણદીપ હુડ્ડા અને એક્ટ્રેસ લીન લેશરામના લગ્નનો વિડીયો વેડિંગ ફોટોગ્રાફરે સોશિયલ મિડીયામાં શેર કર્યો છે. વિડીયોમાં રણદીપ અને લીનના લગ્નની મસ્ત ઝલક બતાવવામાં આવી છે. રણદીપ હુડ્ડા અને એક્ટ્રેસ લીન લેશરામના લગ્નનો વિડીયો વેડિંગ ફોટોગ્રાફરે સોશિયલ મિડીયામાં શેર કર્યો છે. વિડીયોમાં રણદીપ અને લીનના લગ્નની મસ્ત ઝલક બતાવવામાં આવી છે. આ તસવીરોમાં તમે કપલના પ્રી વેડિંગ મુમેન્ટ્સથી લઈને બ્રાઈડલ ગ્રુમ એન્ટ્રી, વરમાળા અને પોસ્ટ વેડિંગ સેરેમની સુધીની ઝલક જોવા મળશે. તમને જણાવી દઈએ કે મણિપુરની રાજધાની ઈમ્ફાઈલના ચુમથાંગ શન્નાપુંગ રિસોર્ટમાં રણદીપ અને લીન લેશરામના લગ્ન થયા. લગ્નની દરેક રસમો આ રિસોર્ટમાં થઈ છે.

# ઝાલોદ પોલિસ સ્ટેશનમાં મેડિકલ સ્ટોરના સંચાલકો સાથે નકલી સિરપ કાંડ અંગે મિટિંગ યોજાઈ

## પી.એસ.આઇ માળીની અધ્યક્ષતા હેઠળ મિટિંગ યોજવામાં આવી



। પંકજ પંડિત ઝાલોદ, તા.૪ ।

સમગ્ર ગુજરાતમાં ચકચાર મચાવનાર ઝેરી કેફી પદાર્થ યુક્ત સિરપ કાંડને લઈ સતર્કતા જાળવવા તેમજ માહિતી આપવા હેતું ઝાલોદ નગરના પી.એસ.આઇ માળી દ્વારા મેડિકલ સ્ટોરના સંચાલકો સાથે એક મીટિંગ તારીખ ૦૪-૧૨-૨૦૨૩ ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે રાખવામાં આવી હતી. ખેડાના નડિયાદમાં થયેલ સિરપ કાંડને લઈ ઝાલોદ પોલિસ તંત્ર એલર્ટ જોવા મળ્યું હતું. ઝેરી સિરપ કાંડને લઈ પી.એસ.આઇ માળી દ્વારા મેડિકલ સ્ટોર સંચાલકોનુ ધ્યાન દોર્યું હતું. ઝેરી સિરપને લઈ કોઈ પણ જાતની માહિતી કે બાતમી મળે તો તુરંત પોલિસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવ્યું હતું. હાલ ઝેરી સિરપ કાંડના મુખ્ય આરોપી ભૂગર્ભમાં ઉતરી ગયેલ છે, આવા આરોપીને શોધી કાઢવા માટે તેમજ માહિતી સભર તપાસ અંગે ઝાલોદના મેડીકલ સ્ટોરના સંચાલકો સાથે પી.એસ.આઇ માળીએ સાચી માહિતીની આપલે કરી ગુનેગારોને પકડી પાડવા કોઈ પણ જાતની માહિતી મળે તો તાત્કાલિક પોલિસ સ્ટેશનનો સંપર્ક કરવા મીટિંગ યોજી હતી. આ મીટીંગમાં હાજર રહેલ તમામ મેડિકલ સ્ટોરના સંચાલકો દ્વારા પૂર્ણ સમર્થન આપી પોલીસને સહયોગ કરવા ખાત્રી આપી હતી.

# પ્રકૃતિ પ્રેમી સાપુતારાના પર્યટકો માટે ઉભુ કરાયુ "વન કવચ"નુ આકર્ષણ

। ડાંગ, તા.૪ ।

ડાંગ જિલ્લાના પ્રવાસે આવેલા રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ (વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ) એ ગિરિમથક સાપુતારા ખાતે પ્રકૃતિને માણવા આવતા પર્યટકો માટે નવા નજરાણા ધરાવતા "વન કવચ" નું લોકાર્પણ કર્યુ હતુ.

વૃક્ષોના જતન સંવર્ધન માટે "વન કવચ" એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેકટ પૈકીનો એક મહત્વનો ભાગ છે. ટુક સમયમાં ઝડપથી અને ખાસ કરીને પ્રવાસન કે અર્બન એરીયામાં વન ઉભું કરી શકાય તે માટે જાપાનીસ, મિયાવાકી પદ્ધતિનો ઉપયોગ કરીને "વન કવચ" તૈયાર કરવામા આવે છે. જેમા મિયાવાકી પદ્ધતિનો ઉચ્ચસ્તરીય, મધ્યમસ્તરીય અને



નિમ્નસ્તરીય એવી રીતે વૃક્ષોની જાતો પસંદ કરીને તેનુ વાવેતર કરવામાં આવે છે.

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની સુચના મુજબ દક્ષિણ ડાંગ વન વિભાગની શામગહાન રેંજમા આવતા ગિરિમથક સાપુતારા ખાતે, ઈકો પોઈન્ટ પાસે "વન કવચ" બનાવવામા આવ્યુ છે.

આ "વન કવચ"નો કુલ હેકટર વિસ્તાર ૧.૦૦ છે. આ વિસ્તારમા કુલ-૧૦૦૦૦ રોપાનુ વાવેતર કરવામાં આવ્યુ છે. તેમા કુલ-૭૦ જેટલી વૃક્ષોની જાતોનું વાવેતર કરેવામા આવ્યુ છે.

## ડેડીયાપાડા ના ફુલસર ગામે ભાજપની વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન

# ભરૂચ સાંસદ મનસુખ વસાવાએ ધારાસભ્ય ચૈતર વસાવાને આડે હાથ લઈ આકરા પ્રહારો કર્યા

। દીપક જગતાપ રાજપીપળા, તા.૪ ।

જંગલની જમીન પર ખેડાણ બાબતે વન કર્મીને ઘરે બોલાવી તેના પર હુમલો કરી, ખંડણી ની સાથે એક રાઉન્ડ ફાયરિંગ કરતા ડેડીયાપાડા આપ ના ધારાસભ્ય ચૈતર વસાવા સામે હાલ ગુનો નોંધાયો છે, ધારાસભ્ય ઘણા દિવસો થી ફરાર છે, જેને લઈને પોલીસ પણ તેવોને શોધી રહી છે ત્યારે ડેડીયાપાડા ના ફુલસર ગામે ભાજપની વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન ભરૂચ સાંસદ મનસુખ વસાવાએ ધારાસભ્ય ચૈતર વસાવાને આડે હાથ લઈ શાબ્દિક પ્રહારો કર્યા હતા, અને જણાવ્યું હતું કે નાની મોટી કચેરીઓમાં ગરીબ આદિવાસીઓ કામ કરે છે એમને ધમકાવવા કરતા સહકારથી કામ કરવું જોઈએ, અગાઉની સરકારમાં આદિવાસીઓ ને જંગલની જમીનો નહોતી મળતી જે ભાજપ સરકારે અપાવી છે, આદિવાસીઓ ને જે લોકો ગેર માર્ગે દોરી રહ્યા છે તેમનાથી સાવધાન રહેવા જણાવ્યું હતું, ભગવાને આપણને મનુષ્ય બનાવ્યા છે ઢોર નઈ એટલે જે આપણો વિકાસ કરે છે તેમની વાત સાંભળવી જોઈએ, ભાજપે આદિવાસી યુવાનોને ખોટી રીતે ક્યારેય ઉશ્કેર્યા નથી પરંતુ



જે લોકો ઉશ્કેરવાનું કામ કરે છે તેમનાથી સાવધ રહેવા બાબતે સાંસદે આદિવાસીઓ ને ટકોર કરી હતી, તેમજ ડેડીયાપાડા સાગબારા વિસ્તારમાં દારૂ અને જુગારના અડ્ડા ચલાવનારા મને ચૂંટણીમાં પાડી દેવાની વાત કરે છે પરંતુ હું સાચો છું મને પાડવાની એમનામાં તાકાત નથી, આસામ માં આવું બોલનારને બંધુક થી ઉડાવી દેવામાં આવે છે મેં ત્યાં જઈને પણ દારૂ બંધીની વાત કરી છે, જંગલની જમીનો જેમની બાકી છે તેમને અમેજ અપાવીશુ જેની સરકાર નથી એ ક્યાંથી અપાવશે, તેમજ જંગલ ની જમીનો આડેધડ ના ખેડવી જોઈએની તેઓએ વાત કરી હતી, તેમજ ભાજપ કલ્યાણકારી પાર્ટી હોવાથી આજે મધ્યપ્રદેશ, રાજસ્થાન, અને છત્તીસગઢ માં ભાજપ ની બહુમતીથી જીત થઈ છે ની વાત કરી હતી.

# પંચમહાલ જિલ્લા કલેકટરશ્રી આશિષ કુમારના અધ્યક્ષસ્થાને "મિશન શક્તિ"યોજના અંતર્ગત બેઠક યોજાઈ



। ગોધરા, તા.૪ ।

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની "મિશન શક્તિ" અમ્બ્રેલા યોજના હેઠળ "સંબલ" અને "સામર્થ્ય" પેટા યોજનાઓ શરૂ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારશ્રીની નવી માર્ગદર્શિકા મુજબ "મિશન શક્તિ"યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લા કલેકટરશ્રી આશિષ કુમારના અધ્યક્ષસ્થાને નારી સંરક્ષણ કેન્દ્ર,ગોધરા ખાતે જિલ્લા કક્ષાની સમિતિની રચના બાબતે બેઠક યોજાઈ હતી.

બેઠકમાં પંચમહાલ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી દ્વારા સમગ્ર યોજના અને તેના અમલીકરણ બાબતે માહિતી રજૂ કરાઈ હતી.જિલ્લા કલેકટરશ્રીએ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પારવમેન્ટ ઓફ વુમન અંતર્ગત કર્મચારીઓને પ્રશ્નોત્તરી કરીને જરૂરી સલાહ સૂચનો કર્યા હતા તથા યોજનાના અસરકારક અમલીકરણ, નિરીક્ષણ અને મૂલ્યાંકન માટે સૂચનો કર્યાં હતા. જિલ્લા કલેકટરશ્રીએ કર્મચારીઓને ફિલ્ડમાં લાભાર્થીઓના અભિપ્રાય લેવા જણાવ્યું હતુ તથા યોજના અંતર્ગત જિલ્લામાં વધુમાં વધુ પ્રચાર પ્રસાર થાય તે માટે અનુરોધ કરાયો હતો.

જિલ્લા કલેકટરશ્રીએ નારી સંરક્ષણ કેન્દ્રની વ્યવસ્થાપક સમિતિની બેઠકમાં પણ નારી સંસ્થામા આશ્રિત બહેનોના પ્રવેશ/પુનઃસ્થાપનની માહિતી,આશ્રિત બહેનોના સમયગાળામા વધારો કરવા તથા નારિગૃહ ખાતે જરૂરી સાધન સામગ્રીની ખરીદી કરવા અંગે સૂચનો કર્યા હતા. આ સાથે પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના અન્વયે જીલ્લા કક્ષાની દેખરેખ અને નિયંત્રણ સમિતિની બેઠક અંતર્ગત સદર યોજના અંગે લોકોમાં તથા શાળાઓમા કિશોરીઓ સાથે કોમ્યુનિકેશન થકી જાગૃતિ ફેલાવવામાં આવે તેમ જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવશ્રી ડી.સી.જાની સહિત કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# શાળાના બાળકો દ્વારા ભારતના ઇતિહાસ, સામાન્ય જ્ઞાન, સરકારી યોજનાઓ અંગેના આપવામાં આવ્યા ઝટપટ જવાબો



। સોનગઢ, તા.૪ ।

વિકસિત ભારત સંકલ્પ યાત્રા તેના રૂટિન મુજબ તાપી જિલ્લામાં પરિભ્રમણ કરી રહી છે ત્યારે આ યાત્રામાં વિવિધ કાર્યક્રમોને સાંકળવામાં આવેલ છે જેના થકી અનેક રીતે લોકોને સરકારશ્રીની યોજનાઓ અંગે માહિતગાર કરી શકાય છે. બાળકોને આપણા દેશના સમૃધ્ધ વારસાથી અવગત કરવાના સરકારશ્રીના સરાહનિય પ્રયાસ રૂપે યાત્રામાં બાળકો માટે 'ઓન ધ સ્પોટ ક્વિઝ કોમ્પીટીશન'નું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેમાં આજે વિકસિત ભારત સંકલ્પ યાત્રા તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના વેલઝર અને વાઝરડા ગામે શાળાના બાળકો દ્વારા ભારતના ઈતિહાસ, સામાન્યજ્ઞાન, સરકારી યોજનાઓ અંગેના જવાબો આપી બાળકોએ પોતાનું જ્ઞાન ઉપસ્થિત સૌને દર્શાવ્યું હતું. કાર્યક્રમમાં બાળકોને ઝટપટ સવાલોના જવાબ આપતા જોઈ મહાનુભાવો સહિત બાળકોના માતાપિતા અને ઉપસ્થિત સૌ ખુશ ખુશાલ થયા હતા. બાળકોને પ્રોત્સાહિત કરવા મહાનુભાવો દ્વારા તેઓને ભેટ અર્પણ કરી સાબાશી પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત કાર્યક્રમમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના વેલઝર અને વાઝરડા ગામે આવી પહોંચતા ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ શહેર ભાજપ પરિવાર દ્વારા ત્રણ રાજ્યોમાં ભાજપ ની ભવ્ય જીતને લઈ વિજયોત્સવ ઉજવવામાં આવ્યો

## દાહોદ જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ પંકજ અગ્રવાલે સરદાર પટેલની પ્રતિમાને ફૂલમાળા પહેરાવી મીઠાઈ વહેંચી

। પંકજ પંડિત ઝાલોદ, તા.૪ ।

તારીખ ૦૩-૧૨-૨૦૨૩ રવિવારના રોજ રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢમાં ભાજપની ભવ્ય જીતને લઈ ઝાલોદ નગરના બસસ્ટેશન વિસ્તારમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાની આગળ દાહોદ જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ પંકજ અગ્રવાલની આગેવાની હેઠળ ભાજપના કાર્યકર્તાઓ દ્વારા ભાજપના વિજયોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ વીજયોત્સવની ઉજવણીમાં ઝાલોદ ભાજપ શહેર પ્રમુખ દિનેશ પંચાલ તેમજ નગરના ભાજપના પૂર્વ નગરપાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ ભાજપ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ હતા.

વીજયોત્સવ પ્રસંગે દાહોદ જિલ્લા ભાજપ કોશાધ્યક્ષ પંકજ અગ્રવાલ અને ગોપાલ અગ્રવાલ દ્વારા સરદાર પટેલની પ્રતિમાને ફૂલમાળા



પહેરાવી બસ સ્ટેશન વિસ્તારમાં ફટાકડાની ભવ્ય આતસબાજી કરી હતી.ઉપસ્થિત સહુ કાર્યકર્તાઓમાં ભાજપના ત્રણે રાજ્યોના જીતની ખુશી જોવા મળતી હતી તેમજ ઉપસ્થિત સહુ કાર્યકર્તાઓએ મોદીજી તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ તેમજ ભારત માતાકી જય ના નારા લગાવ્યા હતા. છેલ્લે સહુ કાર્યકર્તાઓ એ એક બીજાને મીઠાઈ ખવડાવી વિજયની ખુશી વ્યક્ત કરી હતી.

# તાપીના સોનગઢ તાલુકાના ચિખલી ભંસરોટ ગામે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ના રથનું ગ્રામજનો દ્વારા કુમકુમ તિલક દ્વારા સ્વાગત કરાયું

## કૃષિ વૈજ્ઞાનિકો એટલે ખેતીના ડોકટર : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વૈજ્ઞાનિક ડો.ધર્મિષ્ઠા પટેલ

। તાપી, તા.૪ ।

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'માં તાપી જિલ્લામાં વિવિધ મહાનુભાવોએ પ્રસંગને અનુરૂપ પ્રવચનો કરી ગ્રામજનોને સરકારશ્રીની યોજનાઓ અંગે અવગત કરી રહ્યા છે. જેમાં આજરોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રી ધર્મિષ્ઠા પટેલ દ્વારા સોનગઢ તાલુકાના ચિખલી બેંસરોટ ગામ ખાતે કાર્યક્રમમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓ તથા ખાસ કરીને કૃષિલક્ષી ઉપયોગી જાણકારી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે રાસાયણીક દવાનો ઉપયોગ ટાળવા,સોઈલ હેલ્થ કાર્ડ કઢાવવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા ખાસ અનુરોધ કર્યો હતો.. તેમણે કૃષિ વૈજ્ઞાનિકોને 'ખેતીના ડોકટર' છે એમ જણાવી ખેતીલક્ષી કોઇ પણ મુંઝવણ કે તાલીમ માટે કેવીકેની મુલાકાત અવશ્ય લેવા ભારપુર્વક અનુરોધ કર્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમા તા.૧૫મી નવેમ્બર 'જનજાતીય ગૌરવ દિવસ'થી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેને તાપી જિલ્લામાં વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. ત્યારે આજરોજ તાપી





જિલ્લામાં સોનગઢ તાલુકાના ચિખલી ભંસરોટ ગામે આવી પહોંચતા ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના આગેવાન રોશનભાઇ ગામીત દ્વારા પીએમજેવાય કાર્ડ અંગે જાણકારી આપી ગ્રામજનોને આ યોજનાના લાભ લેવા અનુરોધ કર્યો હતો. વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ પણ લીધા હતા. આ પ્રસંગે મહાનુભાવોના વરદ હસ્તે લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળનું આયુષ્માન કાર્ડ, નિરામય હેલ્થ કાર્ડ, એનિમિયા, સોઈલ હેલ્થ કાર્ડ, ટીબી કીટ, વ્હાલી દિકરી મંજુરી પત્ર સહિતની યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરશે વિકસિત ભારત સંકલ્પ યાત્રા

। સુરત, તા.૪ ।

દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કુશળ નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે આદિવાસી સમુદાયના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે અપ્રતિમ કામગીરી કરી છે. રાજ્ય સરકારે આદિવાસી સમુદાયના સર્વંગી વિકાસને સુનિશ્ચિત કરીને તેમને વિકાસની મુખ્યધારામાં લાવવાની દિશામાં નવો માર્ગ કંડાર્યો છે. વડાપ્રધાનશ્રીના હસ્તે ૧૫ મી નવેમ્બરના રોજ 'જનજાતિય ગૌરવ દિવસ' નિમિત્તે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ઝારખંડ ખાતેથી શુભારંભ કરાયો હતો. વિકસિત ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહેલી આ સંકલ્પ યાત્રા આદિવાસી બાહુલ વસ્તી ધરાવતા નર્મદા જિલ્લાના ગામેગામ ભ્રમણ કરી રહી છે. આ યાત્રાનો આશય રાષ્ટ્ર, રાજ્ય સહિત નર્મદા જિલ્લાના પ્રત્યેક પાત્રતા ધરાવતા વંચિત લાભાર્થીઓને ઘર આંગણે આવીને સરકારી યોજનાઓ અંગે જાગૃત કરીને યોજનાકીય લાભોથી લાભાન્વિત કરવાનો છે. વિકસિત ભારતના નિર્માણની જવાબદારી સરકારની સાથે પ્રત્યેક નાગરિકની પણ છે. સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે જાણકાર બની તેનો લાભ લઈને અન્યને પણ જાગૃત કરીને પ્રત્યેક નાગરિક પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવી શકે છે. નાંદોદ તાલુકાના નિકોલી ગામના પટાંગણમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા પહોંચતા ગ્રામજનોએ સંકલ્પ રથને ઉષ્માભેર આવકાર આપ્યો હતો. સંકલ્પ રથના માધ્યમથી ગ્રામજનોએ સરકાર દ્વારા આદિવાસી સમુદાયના શૈક્ષણિક, સામજિક, આર્થિક ઉત્થાન માટેની યોજનાકીય માહિતી અને સરકારની પ્રજાલક્ષી કામગીરી અને ઉપલબ્ધિઓ વર્ણવતી ફિલ્મ નિહાળી હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન ગ્રામજનોને લોકડાયરા, નાટક સહિતના પરંપરાગત માધ્યમો થકી જાગૃત કરવામાં આવી રહ્યા છે. નિકોલીના ગ્રામજનો જાગૃત છે, આ પ્રસંગે લાભાર્થીઓએ 'મેરી કહાની, મેરી જુબાની' થીમ હેઠળ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈને પોતાના પ્રતિભાવો ગ્રામજનો સમક્ષ રજૂ કર્યા હતા. આ પ્રસંગે આયુષ્માન કાર્ડ યોજનાના લાભાર્થીશ્રી પ્રદિપભાઈ વસાવાએ પોતાની કહાનીને પોતાના મુખે ગ્રામજનો સમક્ષ રજૂ કરતા જણાવ્યું કે, મારા પિતાને એપેન્ડિક્સનો દુખાવો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.




**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. તમારા નિર્ણયો બાળકો પર થોપવાથી તેઓ નારાજ થશે. એના કરતાં તેમને સમજાવો જેથી જેઓ સમજ પૂર્વક તેનો સ્વીકાર કરે. સુંદર સ્મિત સાથે તમારા પ્રેમી કે પ્રેમિકાનો દિવસ ઝળકાવો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે. કાર્યસ્થળે લોકોનું નેતૃત્વ કરો-તમારી ઈમાનદારી તમને આગળ વધવામાં મદદ કરશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. વેપારમાં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. નાના બાળકો તમને વ્યસ્ત રાખશે તથા આનંદ લાવશે. તમારી માટે પ્રેમ પવનમાં છે. તમારે માત્ર તમારી આસપાસ જોવાની જરૂર છે, બધું જ ગુલાબી દેખાશે. કામના સ્થળે આજે કોઈક વ્યક્તિ તમારી સાથે કંઈક સારૂં વર્તન કરશે.

## એનિમલ ફિલ્મે માત્ર ચાર દિવસમાં ૨૦૦ કરોડનું કલેક્શન કરી લીધું

। મુંબઈ, તા.૪ ।

ફિલ્મ એનિમલમાં રણબીર કપૂરની એક્ટિંગની ખુબ જ ચર્ચાઓ થઈ રહી છે. આ ફિલ્મમાં તેના જોવા મળતા એકદમ નવા અવતારથી ફેન્સ ખુબ જ રણબીરથી ખુબ જ પ્રભાવિત છે. આ ઉપરાંત આ ફિલ્મ હાલ બોક્સઓફીસ પર ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મે રીલીઝના ત્રણ દિવસની અંદર જ રૂ ૨૦૦ કરોડનું કલેક્શન કરી લીધું છે. તેમજ આ ફિલ્મ એડવાન્સ બુકિંગમાં પણ ધૂમ મચાવે છે. તો જાણીએ એનિમલનું ચોથા દિવસે કેટલું એડવાન્સ બુકિંગ થયું. રણબીર કપૂર અને બોબી દેઓલની શાનદાર પરફોર્મન્સ ધરાવતી ફિલ્મ એનિમલ બોક્સ ઓફિસ પર તોફાન મચાવ્યું છે. આ ફિલ્મે ૬૩.૮ કરોડની કમાણી કરી અને વીકએન્ડ પર એનિમલએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા. ફિલ્મે શનિવારે ૬૬.૨૭ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું, જ્યારે રવિવારે ફિલ્મની કમાણી ૭૨.૫૦ કરોડ રૂપિયા હતી. આ સાથે ફિલ્મે ત્રણ દિવસમાં ૨૦૨.૫૭ કરોડ રૂપિયાનું જોરદાર કલેક્શન કર્યું છે. ફિલ્મના ક્રેઝને જોતા સોમવારે પણ તે જબરદસ્ત બિઝનેસ કરે તેવી આશા છે. હાલમાં, ફિલ્મના સોમવાર એટલે કે તેની રિલીઝના ચોથા દિવસે એડવાન્સ બુકિંગના આંકડા આ વાતની સાબિતી આપે છે. જેમાં ફિલ્મે ચોથા દિવસના એડવાન્સ બુકિંગમાં લગભગ ૧૧ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

## સિંઘમ અગેઈનના શૂટિંગમાં અજય દેવગન ઘાયલ થયો

। મુંબઈ, તા.૪ ।

અજય દેવગન હાલ તેની અપકમિંગ ફિલ્મ 'સિંઘમ અગેઈન;ની શૂટિંગમાં વ્યસ્ત છે. હાલમાં જ તેણે ફિલ્મનું પોસ્ટર સોશ્યલ મીડિયા પર શેર કરી ફેન્સને તેના એક્શનથી ભરપૂર લુકની એક ઝલક આપી હતી. હવે અજયને લઈને એક સમાચાર આમે આવ્યા છે જેનાથી તેના ફેન્સની ટેન્શન વધી શકે છે. જાણવા મળી રહ્યું છે કે અજય ફિલ્મના એક સીનની શૂટિંગ દરમિયાન ઈજાગ્રસ્ત થયો છે. મળેલા અહેવાલો મુજબ અજય દેવગન, રોહિત શેટ્ટી અને તેની ટીમ સાથે વિલે પાર્લેમાં શૂટિંગ કરી રહ્યો હતો. અજય એક કોમ્બેટ સિક્વન્સનું શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે આકસ્મિક રીતે તેના ચહેરા પર ફટકો વાગી ગયો જેના કારણે તેની આંખમાં ઈજા થઈ હતી. ઈજા બાદ અજય દેવગને થોડા કલાકો માટે બ્રેક લીધો હતો અને ડૉક્ટર દ્વારા તેની સારવાર કરવામાં આવી હતી. આ સમય દરમિયાન રોહિતે તેના કામને અસર ન થવા દીધી અને બાકીના સીનનું શૂટિંગ ચાલુ રાખ્યું હતું. અજય થોડો સ્વસ્થ થયા પછી તેણે ફરીથી શૂટિંગ શરૂ કર્યું હતું. જણાવી દઈએ કે રોહિત શેટ્ટીની અપકમિંગ ફિલ્મ 'સિંઘમ અગેઈન' સિંઘમ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ છે. આ ફિલ્મમાં અજય દેવગન મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે. આ ઉપરાંત અક્ષય કુમાર, કરીના કપૂર ખાન, દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ પણ મુખ્ય ભૂમિકામાં આ ફિલ્મમાં જોવા મળશે.

### યુપી અને ગુજરાતમાં ૧૦૦ સીટો જીતવાનો ટાર્ગેટ

# લોકસભા પહેલાં ૨૦૦ સીટો પર ભાજપને બઢત

### ત્રણ હિન્દી ભાષી રાજ્યોમાં ભાજપની જીતથી ત્રણ સ્પષ્ટ સંદેશ મળ્યા : હવે લોકસભા ચૂંટણીમાં પાર્ટીને લીડ મળવાનું નક્કી છે

। નવી દિલ્હી, તા.૪ ।

ત્રણ હિન્દીભાષી રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીતના ત્રણ સ્પષ્ટ પરિણામો છે. હવે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પાર્ટીને બઢત મળવાનું નિશ્ચિત છે. કોંગ્રેસ સાથે INDIA ગઠબંધનની યોજના નિષ્ફળ થઈ શકે છે. ભાજપ માટે ખતરો હોવાનું કહેવાતી જાતિ ગણતરીનો 'દાંવ' પણ ફ્લોપ ગયો છે. ભાજપે મધ્યપ્રદેશમાં મોટી જીત મેળવી છે અને રાજસ્થાન અને છત્તીસગઢ બંનેમાં આરામદાયક બહુમતી મેળવી છે. ભાજપે તેલંગાણામાં પણ આઠ બેઠકો જીતી, તેના એક ઉમેદવાર, વેંકટ રમણ રેડ્ડીએ, કામરેડ્ડીમાંથી નૈતિક વિજય મેળવ્યો, બંને આઉટગોઈંગ મુખ્ય પ્રધાન કે ચંદ્રશેખર રાવ અને કોંગ્રેસના મુખ્યપ્રધાન રેવંત રેડ્ડીને હરાવીને. તેની અસર ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પર જોવા મળશે. કારણ કે ભાજપ હિન્દીભાષી રાજ્યો ઉત્તર પ્રદેશ, ગુજરાત, હરિયાણા, દિલ્હી, ઝારખંડ અને ત્રણ રાજ્યો જ્યાં હવે તેણે રવિવારે જીત મેળવી છે ત્યાં જીતની આશા વધી છે. ભાજપના ઓછામાં ઓછા બે નેતાઓએ કહ્યું કે આનો અર્થ એ છે કે પાર્ટી હવે કોંગ્રેસના બેકફૂટ પર હોવાના કારણે પહેલાં કરતા વધુ સારી સ્થિતિમાં છે. ઉત્તર પ્રદેશ અને ગુજરાત, ૧૦૬ લોકસભા બેઠકો સાથે, બીજેપીના ગઢ છે, જ્યાં તે એકસાથે ઓછામાં ઓછી ૧૦૦ બેઠકો જીતવાનું લક્ષ્ય ધરાવે છે. પાર્ટી હવે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢની ૬૫ લોકસભા સીટો પર ક્લીન સ્વીપ કરવાની પણ આશા રાખી રહી છે, જેમ કે ૨૦૧૯ માં જ્યારે તેણે આમાંથી ૬૨ સીટો જીતી હતી. દિલ્હી, હરિયાણા, ઝારખંડ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ભાજપની જીતની આશા છે. મહારાષ્ટ્ર, તેલંગાણા, કર્ણાટક અને ઓડિશા જેવા મોટા રાજ્યોમાં ભાજપ બહુમતીનો આંકડો પાર કરી શકે છે. રવિવારે પરિણામોનો બીજો મોટો અર્થ એ છે કે ભારતીય છાવણીમાં કોંગ્રેસની સ્થિતિ નબળી પડી છે. જો કોંગ્રેસ પાર્ટી મોટા ભાઈની ભૂમિકા ભજવવા માંગે છે, તો તે તેના સાથી પક્ષોને સ્વીકાર્ય નહીં હોય. ભાજપના નેતાઓ કહે છે કે ભારત ગઠબંધનના ભાગીદારો જેમ કે ટીએમસી, આરજેડી, જેડીયુ અથવા સમાજવાદી પાર્ટી પશ્ચિમ બંગાળ, બિહાર અથવા યુપીમાં કોંગ્રેસને વધુ બેઠકો આપવા તૈયાર થશે નહીં, જે ૨૦૨૪ માં કોંગ્રેસ દ્વારા લડવામાં આવેલી બેઠકોની સંખ્યામાં ભારે ઘટાડો કરશે. ભાજપના એક નેતાએ કહ્યું, "કમલનાથે મધ્ય પ્રદેશમાં એસપીનું અપમાન કર્યા પછી, INDIA જોડાણ ઉત્તર પ્રદેશ જેવા મહત્વપૂર્ણ રાજ્યમાં નોન-સ્ટાર્ટર છે.



તેલંગાણા કોંગ્રેસના પ્રમુખ એ. રેવન્ત રેડ્ડી સાથે પાર્ટીના નેતાઓ એન. ઉત્તમ કુમાર રેડ્ડી, ડી.કે. શિવકુમાર અને માણિકરાવ ઠાકરે હૈદરાબાદના રાજભવન ખાતે રાજ્યમાં સરકાર બનાવવાનો દાવો રજૂ કરવા તેલંગાણાના ગવર્નર તમિલિસાઈ સૌંદરરાજનને મળ્યા હતાં.

## ખાનગી કર્મચારીઓને ઘરેથી કામ કરવા માટે કહ્યું છે

। નવી દિલ્હી, તા.૪ ।

દેશમાં અત્યારે વધુ એક મોટી આફત આવી છે. અત્યારે દક્ષિણના રાજ્યોમાં નવા વાવાઝોડા 'મિચૌંગ'નો ખતરો મંડરાઈ રહ્યો છે. આ વાવાઝોડું આજે એટલે કે સોમવારે (૪ ડિસેમ્બર) તમિલનાડુના દરિયાકાંઠે ટકરાઈ શકે છે. આ સાથે આ ચક્રવાતી વાવાઝોડું પૂર્વીય દરિયાકાંઠાના વિસ્તારોને પણ અસર કરી શકે છે. આ વાવાઝોડાના સંભવિત ખતરાનો સામનો કરવા માટે રાજ્ય સરકારે સાવચેતીના પગલાં લીધા છે. આ જ કારણ છે કે પોંડુચેરી અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના જિલ્લાઓમાં શાળાઓને બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. હવામાન વિભાગે તામિલનાડુ અને પોંડુચેરીમાં વરસાદ, પવન અને વીજળી પડવાની ચેતવણી આપી છે.

સરકારે ખાનગી કંપનીઓને તેમના કર્મચારીઓને ઘરેથી કામ કરવા માટે કહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું કે તેઓ વાવાઝોડા 'મિચૌંગ'ને લઈને દેશના પૂર્વીય દરિયાકાંઠાના રાજ્યોની સરકારોના સતત સંપર્કમાં છે. ચક્રવાતને જોતા દક્ષિણ મધ્ય રેલવેએ ૧૪૪ ટ્રેનો રદ કરી છે.

### બૌદ્ધ મંદિરની નીચે દટાયેલા સિક્કા જોઈ ચૌંકી ગયા પુરાતત્વવિદ

## પાકિસ્તાનમાં ૨૦૦૦ વર્ષ જૂના સિક્કાઓનો એક અત્યંત દુર્લભ ખજાનો મળી આવ્યા

### મળી આવેલા કુષાણ કાલીન આ સિક્કાનો રંગ લીલો છે, કારણકે હવાના સંપર્કમાં આવવાથી તાંબુ ખરાબ થઈ જાય છે

। નવી દિલ્હી, તા.૪ ।

પાકિસ્તાનમાં ૨૦૦૦ વર્ષ જૂના સિક્કાઓનો એક અત્યંત દુર્લભ ખજાનો મળી આવ્યો છે. જે આર્કિયોલોજીસ્ટને પ્રાચીન સ્થળ મોહેનજો-દડો પર બનેલા બૌદ્ધ મંદિરના ખંડેરોમાં મળ્યાં છે. મળી આવેલા આ સિક્કા તાંબાના છે, જેને કુષાણ સામ્રાજ્યના સમયના જણાવવામાં આવી રહ્યા છે, કુષાણ સામ્રાજ્ય દરમિયાન બૌદ્ધ ધર્મનો ઘણો પ્રસાર થયો હતો. બૌદ્ધ મંદિરને સ્તૂપ પણ કહેવામાં આવે છે. લાઈવસાયન્સના રિપોર્ટ અનુસાર, જે બૌદ્ધ મંદિરમાં આ સિક્કા મળ્યા છે, તે હવે દક્ષિણપૂર્વ પાકિસ્તાનમાં મોહેન-જો-દડોના વિશાળ ખંડેરોની વચ્ચે સ્થિત છે. જે લગભગ ૨૬૦૦ ઈસા પૂર્વનો છે. આર્કિયોલોજીસ્ટ અને ગાઈડ શેખ જાવેદ અલી સિંધીએ જણાવ્યું, 'લગભગ ૧૬૦૦ વર્ષ બાદ મોહેન-જો-દડો'ના પતન બાદ તેના ખંડેરો પર સ્તૂપનું નિર્માણ કર્યુ હતું. શેખ જાવેદ અલી સિંધી પણ તે ટીમનો ભાગ હતો જેણે મોહેં-જો-દડો ખાતે દિવાલ ધરાશાયી થયા બાદ ખોદકામ દરમિયાન સિક્કાઓનો ભંડાર મળી આવ્યો હતો. ખોદકામ દરમિયાન મોહેન-જો-દડો સ્થળ પર આર્કિયોલોજી ડિરેક્ટર સૈયદ શાકિર શાહના નેતૃત્વમાં કર્યુ હતું. સિંધીએ કહ્યું, સિક્કાને હવે આર્કિયોલોજીકલ લેબોરેટરીમાં સાવધાનીપૂર્વક સાફ કરવામાં આવશે. મળી આવેલા કુષાણ કાલીન આ સિક્કાનો રંગ લીલો છે, કારણકે હવાના સંપર્કમાં આવવાથી તાંબુ ખરાબ થઈ જાય છે. સદીઓથી દબાયેલા હોવાના કારણે સિક્કા એક ગોળાકાર ઢગલામાં બદલાઈ ગયા છે. જેનું વજન લગભગ ૫.૫ કિલો છે, પરંતુ કેટલાક સિક્કાઓ અલગથી મળી આવ્યા છે. સિંધીએ કહ્યું કે મળી આવેલા સિક્કાઓની સંખ્યા કદાચ ૧,૦૦૦ થી ૧,૫૦૦ છે. તેમણે કહ્યું કે, ભંડારના કેટલાક બહારના સિક્કામાં એક ખડી આકૃતિ છે, જેના વિશે રિસર્ચર્સનું માનવું છે કે આ સંભવતઃ કુષાણ રાજાની હોય શકે છે.

### મતદાન એ મહાન દાન ગણાય છે

## શ્યામ સરન ૨૫ ઓક્ટોબર ૧૯૫૧ના રોજ પહેલા વોટર બન્યા હતાં

### શ્યામ સરળ નેગીએ ૧૯૪૦થી ૧૯૪૬ સુધી વન વિભાગમાં ગાર્ડની નોકરી કરી અને બાદમાં શિક્ષણ વિભાગમાં જતા રહ્યાં

। નવી દિલ્હી, તા.૪ ।

કોઈપણ દેશની સરકારની ચૂંટણી માટે મતદાન કરવામાં આવે છે. મતદાન એ મહાન દાન ગણાય છે. મોટી હસ્તીઓથી લઈને દેશના પીએમ સુધી દરેક સામાન્ય જનતાને વોટ કરવાની અપીલ કરે છે. તેની અસર પણ જોવા મળી રહી છે. ઘણી વખત કેટલાક વિસ્તારોમાંથી સમાચાર આવે છે કે રેકોર્ડ મતદાન થયું છે. શ્યામ સરન નેગીએ ૨૫ ઓક્ટોબર ૧૯૫૧ના રોજ પહેલા વોટર બન્યા હતાં. ફેબ્રુઆરી ૧૯૫૨માં આઝાદી પછી ભારતમાં પ્રથમ સામાન્ય ચૂંટણીઓ યોજાઈ હતી. શ્યામ સરન નેગીનો જન્મ જુલાઈ ૧૯૧૭માં કિન્નૌરના કલ્પામાં થયો હતો. તે ૧૦ વર્ષની ઉંમરે શાળાએ ગયો, જ્યાં તેણે પાંચમા ધોરણ સુધીનું શિક્ષણ પૂર્ણ કર્યું. આ પછી તેણે અભ્યાસ માટે રામપુર જવાનું નક્કી કર્યું. તેને રામપુર પહોંચવામાં ત્રણ દિવસનો સમય લાગ્યો હતો. તેણે નવમા ધોરણ સુધીનો અભ્યાસ રામપુરમાં પૂરો કર્યો. ઉંમર વધારે હોવાના કારણે તેઓને ૧૦માં ધોરણમાં પ્રવેશ ન મળ્યો. શ્યામ સરળ નેગીએ ૧૯૪૦થી ૧૯૪૬ સુધી વન વિભાગમાં ગાર્ડની નોકરી કરી અને બાદમાં શિક્ષણ વિભાગમાં જતા રહ્યાં, કલ્પા લોઅર મિડલ સ્કૂલમાં શિક્ષક બન્યાં. ૧ જુલાઈ ૧૯૧૭ના રોજ કલ્પામાં જન્મેલા શ્યામ સરન નેગીએ ૨૫ ઓક્ટોબર ૧૯૫૧ના રોજ બ્રિટિશ શાસનના અંત પછી યોજાયેલી પ્રથમ ચૂંટણીમાં પોતાનો પ્રથમ મત આપ્યો હતો. તે કલ્પા આદિવાસી જિલ્લાનો એક ભાગ છે. હિમવર્ષા પહેલા જ મતદાન પ્રક્રિયા થઈ ચૂકી હતી અને શ્યામ સરન નેગીએ પોતાનો મત આપ્યો હતો.

**વિશેષ** | વિકસિત ભારતના સંકલ્પને સાચા અર્થમાં સાકાર કરવા પ્રત્યેક નાગરિકની સહભગીદારી મહત્વપૂર્ણ : મંત્રી બચુભાઈ ખાબડ

# જેતપુર પાવી તાલુકાના વાવડી અને તંબોલિયા ગામે ગુજરાત રાજયકક્ષાના મંત્રી બચુભાઈ ખાબડની પ્રેરક ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ યોજાયો





આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ અને તેમની જીવનશૈલીમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે કેન્દ્ર-રાજ્ય સરકારની અનેકવિધ ફ્લેગશીપ યોજનાઓ અમલી બની છે. ત્યારે આ યોજનાનો લાભ છોટાઉદેપુર જિલ્લાના પ્રત્યેક ગ્રામજનોને મળી રહે તે માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામેગામ ભ્રમણ કરીને વંચિત લાભાર્થીઓને સરકારની કલ્યાણકારી યોજનાઓની માહિતી અને લાભ પહોંચાડી રહી છે.

વિકસિત ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહેલી આ સંકલ્પ યાત્રા પાવી-જેતપુર તાલુકાના વાવડી અને તંબોલિયા ગામે પહોંચતા ગુજરાત રાજયકક્ષાના મંત્રીશ્રી બચુભાઈ ખાબડની પ્રેરક ઉપસ્થિત નોંધાવી હતી. મંત્રીશ્રીની પ્રેરણાદાયી ઉપસ્થિતમાં ગ્રામજનોએ આધુનિક રથનું ફુલો અને અક્ષતથી ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ગ્રામજનોએ સરકારશ્રીની લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી, આદિવાસી સમુદાય અને ગ્રામીણ વિકાસ માટે સરકાર દ્વારા કરવામાં આવેલા કાર્યો અને ઉપલબ્ધીઓ વર્ણવતી શોર્ટ ફિલ્મ નિહાળીને ભારત દેશને વિકસિત અને આત્મનિર્ભર બનાવવાની સામુહિક શપથ લીધા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, આ સંકલ્પ યાત્રા ભારતને વિકસિત અને આત્મનિર્ભર બનાવવા માટે આદિવાસી સમુદાય અને ગ્રામીણ વિકાસને સુનિશ્ચિત કરવું જરૂરી છે. માટે દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવીને ઘર-ઘર અને જનજન સુધી સરકારની લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી અને લાભ પહોંચાડીને ગરીબ અને મધ્યમવર્ગના સર્વાંગી વિકાસની દિશામાં સરાહનીય પહેલ કરી છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રત્યેક યોજનાઓની માહિતી છેવાડાના માનવીના ઘરઆંગણ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા બદલ મંત્રીશ્રીએ જિલ્લા વહીવટી તંત્રની કામગીરીને બિરદાવી હતી. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, આજે લોકોના પાકા મકાનના સપનાને સાકાર કરતી પ્રધાનમંત્રી આવાસ યોજના, પરિવારમાં કોઈ બીમાર પડે ત્યારે સગાસંબંધીઓ પાસે હાથ લંબાવવો ન પડે માટે આરોગ્યની ચિંતા કરી આયુષ્માન કાર્ડ યોજનાની ભેટ તેમજ ખેડૂતોને દવા, બિયારણ માટે પીએમ કિસાન સન્માન નિધિ યોજના સહિત વિવિધ યોજનાઓથી લોકોન જીવનશૈલીમાં આમુલ પરિવર્તન આવ્યું છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મલકાબેન પટેલે ઉપસ્થિત નાગરિકોને સરકારશ્રીની અનેકવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ લઈને વિકસિત ભારતના નિર્માણમાં પોતાની બહુમૂલ્ય ભૂમિકા અદા કરવા આહવાન કર્યું હતું.તેમણે ગં.સ્વ મહિલાઓને મળતી વિધવા પેન્શન યોજનાની માહિતી આપી મહિલાઓને આ યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. સરકારશ્રીની અનેકવિધ યોજનાઓ થકી છેવાડાના માનવી પણ લાભાન્વિત થઈને પોતાના પરિવારના જીવનશૈલીમાં બદલાવ લાવ્યા છે. આ પ્રસંગે યોજનાના લાભાર્થીએ મેરી કહાની, મેરી જુબાની થીમ હેઠળ યોજનાના લાભાર્થીઓએ યોજનાકીય લાભ સાથે સ્થાનિકોને પ્રાકૃતિક ખેતી કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે નાગરિકોએ નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પનો લાભ લીધો હતો. ઉપરાંત આંગણવાડી કેન્દ્ર દ્વારા ઉભા કરાયેલા સ્ટોલ થકી અંગણવાડીની બહેનોએ વાનગી નિદર્શન થકી મિલેટ્સમાંથી તૈયાર કરેલી વિવિધ પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવાની પદ્ધતિ વિશે ગ્રામજનોને માહિતગાર કર્યા હતા.

આ કાર્યક્રમ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મલકાબેન પટેલ,ધારાસભ્યશ્રી રાજેન્દ્ર રાઠવા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા-તાલુકાના અગ્રણીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ તથા આંગણવાડી કાર્યકર બહેનો, લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### બનાવટી પાસપોર્ટના આધારે લંડનથી અમદાવાદ આવેલી મહિલાની ધરપકડ કરાઈ

। અમદાવાદ,તા.૪ ।

બનાવટી પોર્ટુગીઝ પાસપોર્ટના આધારે અમદાવાદ ઍરપોર્ટ પરથી મહિલાની ધરપકડ કરવામાં આવી છે. જે મહિલાની ધરપકડ કરાઈ તે ગીતાબેન પટેલ છે અને બનાવટી પોર્ટુગીઝ પાસપોર્ટ લઈને અમદાવાદ પોલીસના હાથે ઝડપાઈ ગઈ છે. ૨જી ડિસેમ્બરના રોજ મહિલા લંડનથી અમદાવાદ ઍરપોર્ટ પર પહોંચી હતી. ઈમિગ્રેશન વિભાગે તપાસ કરતા મહિલા પાસેથી ભારતીય પાસપોર્ટ અને પોર્ટુગીઝ પાસપોર્ટ મળી આવ્યો હતો. આ બંને પાસ પોર્ટને સિસ્ટમમાં ચેક કરતા પોર્ટુગીઝ પાસપોર્ટ બનાવટી હોવાનુ ખૂલ્યુ હતુ. મહિલા નક્લી પાસપોર્ટના આધારે ૧૭ નવેમ્બર ૨૦૨૧ના રોજ લંડનથી દિલ્હી આવ્યા અને ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ દિલ્હીથી લંડન પરત જતા રહ્યા હોવાનુ ખૂલ્યુ હતુ. જેથી ઍરપોર્ટ પોલીસે ગુનો નોંધી મહિલાની ધરપકડ કરી છે.નક્લી પાસપોર્ટ કેસમાં જીંઅની ટીમે તપાસ કરતા મૂળ કડીની રહેવાસી મહિલા આરોપી ૯ વર્ષ પહેલા તેમના પતિ મહેશ પટેલ સાથે ભારતીય પાસપોર્ટ પર એજન્ટ મારફતે લંડન ગયા હતા.

### મોંઘી દારૂની બોટલમાં સસ્તો દારૂ ભરી વેચવાના કૌભાંડનો પર્દાફાશ

। અમદાવાદ, તા.૪ ।

આરોપી અશર્ફીલાલ સરોજે તેના જમાઈ સંજય ગોહિલ સાથે મળીને બ્રાન્ડેડ દારૂની બોટલમાં સસ્તો દારૂ ભરીને વેચવાનું કામ શરૂ કર્યું હતું. પીસીબીની ટીમને મળેલી બાતમીના આધારે ઓઢવમાં મોતી ભગતની ચાલીમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં આરોપીના ઘરમાંથી દારૂ બનાવવાનું કારખાનું ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે. ખેડામાં સિરપ કાંડ ઝડપાયા બાદ હવે અમદાવાદના ઓઢવમાં નકલી દારૂ કાંડ સામે આવ્યો છે. ઓઢવ વિસ્તારમાંથી પીસીબીની ટીમે દારૂ બનાવવાનું મીની કારખાનું પકડી પાડ્યું છે. આરોપીઓ દ્વારા સસ્તો દારૂનો જથ્થો લાવીને બ્રાન્ડેડ દારૂની બોટલમાં તે દારૂ ભરીને બારોબાર વેચી નાખતા હોવાનું સામે આવ્યું છે. આ મામલે પોલીસે દારૂ અને બિયરની બોટલો તેમજ ખાલી બોટલો અને બુચ તેમજ સ્ટીકર કબજે કરી એક આરોપીની ધરપકડ કરી છે. આરોપી અશર્ફીલાલ સરોજે તેના જમાઈ સંજય ગોહિલ સાથે મળીને બ્રાન્ડેડ દારૂની બોટલમાં સસ્તો દારૂ ભરીને વેચવાનું કામ શરૂ કર્યું હતું.




પાલડી કોંગ્રેસ પાર્ટી ઓફિસ પર કોંગ્રેસના ત્રણ રાજ્યોમાં થયેલા પરાજયના વિરોધમાં કાર્યકરો દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા.

# નડિયાદ તાલુકાના આખડોલ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત

### આખડોલ ગ્રામ લોકોને વિવિધ સરકારી યોજનાઓની જાણકારી આપી યોજનાકીય લાભ આપવામાં આવ્યા

। નડિયાદ, તા.૪ ।

સરકારની લોક કલ્યાણકારી યોજનાઓનો લાભ દેશના પ્રત્યેક ગામના નાગરિકો સુધી પહોંચે તે હેતુથી શરૂ થયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા આજે નડિયાદ તાલુકાના આખડોલ ગામે પહોંચી હતી. જેમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને સરકારની યોજનાઓથી માહિતગાર કરી યોજનાકીય લાભ આપવામાં આવ્યા હતા. વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ અંતર્ગત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આયુષમાન કાર્ડ-૧૪, ખેતીવાડી વિભાગની સોઈલ હેલ્થ કાર્ડ-૨, પ્રધાન મંત્રી ઉજજવલા યોજના- ૩ યોજનાઓના લાભ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં એનીમિયા તથા ટીબી નિદાન માટેના સ્ટોલ, આધારકાર્ડ, કિસાન ક્રેડિટ કાર્ડ, દીનદયાળયોજના, ઉક્ષ્જવલા યોજના, પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ, પોષણ યોજનાના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ધરતી કરે પુકાર નાટક રજૂ કરવામાં આવ્યું હતું. તથા કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ ભારતને ૨૦૪૭ સુધી વિકસિત



અને આત્મનિર્ભર બનાવવા શપથ લીધી હતી. આ પ્રસંગે મેરી કહાની મેરી જુબાની અંતર્ગત આયુષ્યમાન કાર્ડ-૨, મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત કિશોરી પૂર્ણા-૧ યોજનાના લાભાર્થીઓએ પોતાને મળેલ લાભની વાત કરી અન્ય લોકોને સરકારની યોજનાઓનો લાભ લેવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં શ્રીમતિ મેધાબેન એ. પટેલ, પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, નડિયાદ, શ્રી ડી.કે. પરમાર, તાલુકા વિકાસ અધિકારીશ્રી, શ્રી ગજરાબેન સરપંચશ્રી, અગ્રણીઓ તેમજ સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

### ધારાસભ્ય મહેશ ભુરીયાની ઉપસ્થિતિમાં

# ઝાલોદ તાલુકાના રૂપાખેડા ગ્રામ પંચાયત ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

। પંકજ પંડિત ઝાલોદ, તા.૪ ।

કેન્દ્ર સરકારની યોજનાઓ અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના પ્રચાર પ્રસાર તથા લાભાર્થીઓ સુધી યોજનાકીય લાભો પહોંચાડવાના ધ્યેય સાથે દેશભરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ રહી છે. ઝાલોદ તાલુકાના રૂપાખેડા ગ્રામ પંચાયત ખાતે ધારાસભ્ય મહેશ ભુરીયા અને ગ્રામજનો દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય મહેશ ભુરીયાએ જણાવ્યું હતું કે આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી જન જન સુધી સરકારની વિકાસ યોજનાઓની માહિતી પૂરી પાડવાનો આશય રહેલો છે. છેવાડાના માનવી અને જન જનના કલ્યાણ થકી જિલ્લા-રાજ્યની વિકાસ ગાથામાં સહભાગી બની દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાની દિશામાં જિલ્લા વહિવટીતંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ યાત્રા થકી સરકાર લોકોના આંગણે આવી લોકોની સમસ્યાઓ સાંભળી રહી છે. અંત્યોદયની વિચારધારા અને અંત્યોદયનો વિકાસ-ઉદય અને




પરિવર્તન આવે તે દિશામાં કાર્ય કરવાની પ્રેરણા આ યાત્રા આપી રહી છે. જેમાં સૌ નાગરિકોને જોડાઈ રહ્યા છે. મહાનુભાવોના વરદ હસ્તે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં ગ્રામજનોએ પ્રધાનમંત્રીનો વિડિયો સંદેશ નિહાળ્યો હતો.સૌ ગ્રામજનોએ ભારતને વિકસિત અને આત્મનિર્ભર બનાવવાની સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી. આકાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી ગઢવી, પદાધિકારીઓ-અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



ગુજરાતમાં વધી રહેલ ઠંડીના કારણે તિબેટીયન માર્કેટમાં સ્વેટરની ખરીદી કરવા માટે લોકોની ભીડ જોવા મળી રહી છે.

# કોર્ટે ચૈતર વસાવાની આગોતરા જામીનની અરજી નામંજૂર કરી

। નર્મદા,તા.૪ ।

ચૈતર વસાવાએ વકીલ મારફતે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, હું ધારાસભ્ય છું, ક્યાંય જવાનો નથી. તો સામે પક્ષે સરકારે પણ હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, આ એક કસ્ટોડિયલ ઈન્ટરોગેશન નો કેસ છે અને ગંભીર કેસ છે. તેથી અરજી નામંજૂર કરવામાં આવે. વન કર્મચારીઓને માર મારવાના કેસમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. ત્યારે હાઈકોર્ટે આ કેસમાં તેમને રાહત આપવાનો ઈન્કાર કર્યો છે અને આગોતરા જામીન અરજી નામંજૂર કરી છે. ચૈતર વસાવાએ વકીલ મારફતે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, હું ધારાસભ્ય છું, ક્યાંય જવાનો નથી. તો સામે પક્ષે સરકારે પણ હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, આ એક કસ્ટોડિયલ ઈન્ટરોગેશન નો કેસ છે અને ગંભીર કેસ છે. તેથી અરજી નામંજૂર કરવામાં આવે. ધારાસભ્ય ચૈતર વસાવા લાંબા સમયથી ફરાર છે. અગાઉ ટ્રાયલ કોર્ટે ચૈતર વસાવાના આગોતરા જામીનની અરજી ફગાવી દીધી હતી.

### નકલી CMO ઓફિસરને લઈ મોટા સમાચાર સામે આવ્યા

# વડોદરા પોલીસ જાપ્તામાંથી ફરાર નકલી CMO ઓફિસર વિરાજ પટેલ પકડાયો

### અગાઉ કોર્ટમાં રજૂ કરતાં દરમિયાન આરોપી વિરાજ પટેલ ફરાર થઈ ગયા બાદ વડોદરા ક્રાઇમ બ્રાન્ચ અને PCB પોલીસે વિરાજ પટેલને પકડી પાડ્યો

। વડોદરા,તા.૪ ।

નકલી **CMO** ઓફિસર વિરાજ પટેલને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, ૧૦ નવેમ્બરે પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ નકલી **CMO** ઓફિસર વિરાજ પટેલ ફરી એકવાર વડોદરા પોલીસના સંકજામાં આવ્યો છે. નોંધનિય છે કે, વિરાજ પટેલે મુંબઈની મોડલ સાથે ઓફિસરની ખોટી ઓળખ આપી દુષ્કર્મ આચર્યુ હતું. આ તરફ અગાઉ કોર્ટમાં રજૂ કરતાં દરમિયાન આરોપી વિરાજ પટેલ ફરાર થઈ ગયા બાદ વડોદરા ક્રાઈમ બ્રાન્ચ અને ઁઝ્રમ્ પોલીસે વિરાજ પટેલને પકડી પાડ્યો છે.

ગુજરાતમાં ચકચાર મચાવનાર નકલી **CMO** ઓફિસર વિરાજ પટેલના કેસમાં મોટી અપડેટ સામે આવી છે. વિગતો મુજબ ૧૦ નવેમ્બરે આરોપી વિરાજ પટેલ સહિત અન્ય આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા બાદ આરોપી વિરાજ ભાગી ગયો હતો. જે બાદમાં વડોદરા પોલીસ તેને શોધવા કામે લાગી હતી. જેમાં ખાસ કરીને આરોપીને જેલમાં મળવા આવનાર, જેલમાં બેરેકમાં રહેલા આરોપીઓની પૂછપરછ કરાઈ હતી. આ દરમિયાન હવે આસામ-મિઝોરમ બોર્ડર પરથી આરોપી વિરાજ પટેલને પોલીસે દબોચી લીધો હતો. આ તરફ પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ વિરાજ પટેલને શોધવા પોલીસે કડક તપાસ શરૂ કરી હતી. જેમાં આરોપીને જેલમાં મળવા આવનાર, જેલમાં બેરેકમાં રહેલા આરોપીઓની પૂછપરછ કરાઈ હતી. આ સાથે સરકારી નંબર પરથી કોણે ફોન કર્યો હતો તેની પણ પોલીસે તપાસ કરી હતી. વિગતો મુજબ વિરાજ પટેલ વડોદરાથી અમદાવાદ અને અમદાવાદથી દિલ્હી ગયો હતો. જોકે વડોદરા પોલીસે ૬૫૦૦થી ૭૦૦૦ કિલોમીટર મુસાફરી કરી આરોપીને આસામ-મિઝોરમ બોર્ડર પરથી ઝડપી પાડ્યો છે. આ સાથે હવે આરોપીને કોને નાણાકીય મદદ કરી તેની પોલીસ પૂછપરછ કરી રહી છે મહાઠગ વિરાજ પટેલ પર મુંબઈની એક મોડલે વારંવાર દુષ્કર્મ આચર્યુ હોવાનો આરોપ લગાવ્યો છે. તો વળી બીજી તરફ તેના ઠગના કારનામાં સામે આવી રહ્યાં છે. પોલીસ તપાસમાં ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. વડોદરામાં **CMO** ઓફિસરની ખોટી ઓળખ આપનારો ઠગ ઝડપાયા બાદ તેની પોલીસે સઘન તપાસ હાથ ધરતા અનેક ચોંકાવનારા ખુલાસા થયા હતા. વિરાજ પટેલે અત્યાર સુધી અનેક લોકો સાથે ઠગાઈ કરવાનો પ્રયાસ કર્યો છે. વર્ષ ૨૦૨૦માં ગૃહમંત્રી અમિત શાહની બહેનના દીકરાની ઓળખ આપી હતી તો આગ્રામાં ગૃહમંત્રી અમિત શાહ માટે ફાઈવ સ્ટાર હોટેલ ખરીદવાની વાત કરી હતી. આગ્રાના ધારાસભ્ય યોગેન્દ્ર ઉપાધ્યાયને ઠગવાનો પણ પ્રયાસ કર્યોનો ખુલ્યો છે. વિરાજ શાહ તરીકેની ઓળખ આપી છેતરપિંડી આચરી હતી વધુમાં તેણે ૨૦૧૯માં ઉજ્જૈન **MLA** મોહન યાદવ સાથે ઠગાઈ કરી હોવાનો પણ જાણવા મળ્યું છે તેમજ એક યુવતી સાથે પણ ગિફ્ટ સિટી માટે મોડેલિંગના નામે ઠગાઈ કરી હતી. ૨૦૨૨માં બોપલની યુવતી પાસેથી મોડેલિંગના નામે ૫૦ હજાર રૂપિયા પડાવ્યા પણ ચોંકાવનારો ખુલાસો થયો છે.

### સુરત અને રાજકોટ પોલીસ કમિશ્નરનું જાહેરનામું

# ચાઈનીઝ દોરી, તુક્કલ વેચવા પર અનેલાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ

। અમદાવાદ, તા.૪ ।

દિવાળીના તહેવારો બાદ ગુજરાતીઓ જો કોઈ તહેવારની આતુરતાથી રાહ જોતાં હોય તો તે છે ઉત્તરાયણનો તહેવાર. જોકે ઉત્તરાયણના તહેવાર પહેલા સુરત અને રાજકોટમાં પોલીસ કમિશ્નરે જાહેરનામું બહાર પાડ્યુ છે. જો તમે આ જાહેરનામાનો ભંગ કરશો તો તમારે ઉત્તરાયણના દિવસે પોલીસ સ્ટેશન જવાનો વારો આવી શકે છે. વિગતો મુજબ પોલીસ કમિશ્નર દ્વારા ચાઈનીઝ દોરી, તુક્કલ વેચવા પર પ્રતિબંધ મુકાયો છે. આ સાથે ધાબા પર લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ લગાવાયો છે. સુરત અને રાજકોટમાં પોલીસ કમિશ્નર દ્વારા સાવચેતીના ભાગરૂપે ઉત્તરાયણના તહેવારને લઈ જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામામાં સુરતમાં ચાઈનીઝ દોરી, તુક્કલ વેચવા પર પ્રતિબંધ અને ધાબા પર લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સાથે જાહેરમાર્ગ પર પતંગ ઉડાવવા પર મનાઈ ફરમાવાઈ છે. આ સાથે ઓનલાઈન વેચાતા ચાઈનીઝ માંઝા, પ્લાસ્ટિક દોરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેમાં ગ્લાસ કોટેડ, નાયલોન થ્રેડ, ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન વેચવા પર પ્રતિબંધ મુકાયો છે. આ તરફ રાજકોટ પોલીસ કમિશ્નર દ્વારા પણ ઉત્તરાયણને લઈ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

# ફેસ્ટિવલ સિઝનમાં અમદાવાદ રેલવે મંડળે ચલાવ્યા વિવિધ ટિકિટ ચેકિંગ અભિયાન, પ્રાપ્ત કરી રેકોર્ડ આવક

। અમદાવાદ, તા.૪ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર તમામ માન્ય યાત્રીઓની આરામદાયક યાત્રા અને બહેતર સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે અને રેલવે વ્યવહારમાં અનધિકૃત યાત્રાને રોકવા માટે મેઈલ/એક્સપ્રેસની સાથે-સાથે પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં વગર ટિકિટ/અનિયમિત યાત્રીઓ પર અંકુશ મુકવા સતત તીવ્ર ટિકિટ ચેકિંગ અભિયાન ચલાવવામાં આવે છે. આ વર્ષે દિપાલવીની તહેવાર સિઝનમાં અમદાવાદ મંડળ દ્વારા ટિકિટ ચેકિંગના વિવિધ પ્રકારના અભિયાન ચલાવવામાં આવ્યા. આ મોટા પાયે કરવામાં આવેલ ચેકિંગ દરમિયાન મહિના નવેમ્બર ૨૦૨૩ માં ૪૫૦૪૬ કેસ નોંધતાં ૩.૪૯ કરોડ રૂપિયાથી વધુની આવક પ્રાપ્ત કરી. આ વર્ષે મંડળ દ્વારા એપ્રિલ ૨૦૨૩ થી નવેમ્બર ૨૦૨૩ સુધી વગર ટિકિટ, અનિયમિત ટિકિટ, વગર બુકિંગ સામાનના કુલ ૨.૬૩ લાખ કેસ અને ૧૯.૦૩ કરોડ રૂપિયાની આવક પ્રાપ્ત કરી. ૧૦ નવેમ્બર ૨૦૨૩ ના રોજ અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ ૨૫.૪૨ લાખ રૂપિયાની આવક પ્રાપ્ત કરી જે ટિકિટ ચેકિંગ વિભાગે એક નવું કીર્તિમાન સ્થાપિત કર્યું છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨